# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

**CDO PRAKASH SAMIKSHA**

FORTNIGHTLY

Since 1925...

સળંગ વર્ષ ૯૪મું

VOLUME : 21 • ISSUE : 22 • PAGES : 28 • MUMBAI • DATE : 20TH JUNE 2019 • YEARLY SUBSCRIPTION RS. 50/-

Visit us at : www.prakashsamiksha.com • Email : kdoprakash@gmail.com


|| શ્રી સુમતિનાથાય નમો નમઃ ||   || શ્રી સંભવનાથાય નમો નમઃ ||

|| અચલ (વિધિપક્ષ) ગચ્છ શણગાર શ્રી આર્યરક્ષિત-જયસિંહ-ધર્મમૂર્તિ-કલ્યાણ-ગૌતમ-નીતિ-દાન-નેમ-ગુણ-ગુણોદય સાગરસૂરિભ્યો નમઃ ||

નાનકડું છતાં રળીયામણું

**નાના રતડીયા નગરે...**

દેવવિમાન તુલ્ય શ્રી સુમતિનાથ જિનાલયના સુવર્ણ વર્ષના ઉપલક્ષમાં
જિનશાસન શિરોમણી, તપચક્ર ચક્રવર્તિ,
સુદીર્ઘ ૫૩-૫૩ વર્ષીતપારાધક, અચલગચ્છાધિપતિ પરમ પૂજ્ય આચાર્ય ભગવંત
**શ્રીમદ્ ગુણોદયસાગરસૂરીશ્વરજી મહારાજા સાહેબ** તથા
જ્યોતિષાચાર્ય, સૂરિમંત્ર પંચપ્રસ્થાન આરાધક, સૂરિમંત્ર મંત્રપ્રભાવક, પરમ પૂજ્ય આચાર્યદેવ
**શ્રીમદ્ વીરભદ્રસાગરસૂરીશ્વરજી મ.સા.** આદિ ઠાણા ૮ના
વિ.સં. ૨૦૭૫ના ચાતુર્માસ પ્રસંગે એવં નવનિર્મિત આરાધના ભવનના
ઉદ્ઘાટન-તક્તી અનાવરણ વિધિના સુઅવસરે
સકલ શ્રી સંઘો-મહાજનો-સર્વેને પધારવા





## સસ્નેહ નિમંત્રણ...

**: ચાતુર્માસ પ્રવેશ :**

આરાધના ભવન ઉદ્ઘાટન દિન વિ.સં. ૨૦૭૫ અષાઢ સુદ-૧૦,
ગુરૂવાર, તા. ૧૧-૦૭-૨૦૧૯ સવારના ૯.૩૦ કલાકે

**ગુરૂ ગુણોદયસૂરિજી મ.સા.ની ૮૯મી જન્મતિથિની ભવ્ય ઉજવણી,**
**ભાદરવા સુદ ૧૫, શુક્રવાર તા. ૧૩-૦૯-૨૦૧૯**

: પૌષધશાળાના દાતા :

**સંઘમાતા દમયંતીબેન મુરજીભાઈ રતનશી ગડા પરિવાર**

**સંઘમાતા ખેતબાઈ કેશવજી વેલજી ગડા પરિવાર**

**: નિમંત્રક :**
**શ્રી નાના રતડીયા ક.વી.ઓ. જૈન મહાજન**

લિ. ટ્રસ્ટીઓ
મુરજી રતનશી ગડા, દામજી મુરજી દેઢીયા
ઠાકરશી કેશવજી ગડા, મોહનલાલ પ્રેમજી ગડા, કેશવજી માણેક ગડા
ચાતુર્માસ કન્વીનર : હેમચંદ મુરજી રતનશી ગડા

# ૫૦મા જન્મદિને અંતરના અભિનંદન

## હાર્દિક અભિનંદન

5th July



૫૦મા જન્મદિને

## સમીર લક્ષ્મીચંદ નાગડા, નલીયા-ઘાટકોપર

*જીવન સફરના ૫૦ વર્ષના પડાવ ઉપર આપ આવી પહોંચ્યા છો ત્યારે આપને અમારા અંતરના અભિનંદન.*

આપનો સ્નેહ, સદ્‌ભાવ, સાહસિકતા તથા સમર્પણ હમેંશા અમારા માટે પ્રેરણાદાયક બન્યા છે. અપને જીવનમાં સફળતા, સુખ અને સંતોષનો ત્રિવેણી સંગમ પ્રાપ્ત થયો છે તે આજીવન બની રહે તથા તંદુરસ્ત દિર્ઘાયુષ્ય પ્રાપ્ત કરી જન્મશતાબ્દી ઉજવો એવી શતશત્ શુભેચ્છાઓ.

*મુસ્કુરાહટ કા કોઈ મોલ નહીં હોતા, કુછ રીશ્તોં કા તોલ નહીં હોતા,*
*યું તો હર મોડ પર મિલ જાતે હૈં ઈન્સાન, લેકીન હર કોઈ આપકી તરહ અનમોલ નહીં હોતા.*

---

**શ્રી ક.દ.ઓ. જી.વી.સી. જૈન સંઘ - ઘાટકોપર**

**આદ્યતંત્રીઓ**

**''પ્રકાશ''**
ડૉ. વેલજી પાસ્વીર ગોસર
**''સમીક્ષા''**
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
**''પ્રકાશ સમીક્ષા''**
સનત્ શાહ

**: તંત્રી :**
હિરાચંદ દામજી દંડ
**: તંત્રી મંડળ :**
કેશરસિંહ આણંદજી ખોના
ઉદયન લાલજી લોડાયા
મુકેશ ભવાનજી લોડાયા

**ટ્રસ્ટ રજી. નં : F - 69260**
પ્રમુખ : હીરાચંદ દામજી દંડ
માનદ્મંત્રી : ઉદયન લાલજી લોડાયા
કોષાધ્યક્ષ : કિરીટ ખેતસી મુનવર
**અન્ય ટ્રસ્ટીઓ**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
પંકજ પ્રતાપ શાહ
શૈલેશ સનત્ શાહ
જયંત વિશનજી છેડા
મુકેશ ભવાનજી લોડાયા

**અંક નં. ૨૨**
**Date : 20-06-2019**

**: કાર્યાલય :**
પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
**C/o. CHINTAN GRAPHICS**
Dr. Babasaheb Ambedkar Chowk,
90ft Garage Lane,
Opp. Shastri Nagar, Pant Nagar,
Ghatkopar (E), Mumbai - 400075.
E-mail : kdoprakash@gmail.com

**સમય :** બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

**: જાહેરાત સંપર્ક :**
મુકેશ ભવાનજી લોડાયા
**022-2508 4463/64/65**
**Mob.: 98211 54326**

પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....
www.prakashsamiksha.com

**તંત્રી સ્થાનેથી**

# આવો, એક વિચાર પ્રક્રિયા શરૂ કરીએ

દરેક વ્યક્તિ, જ્ઞાતિ, સમાજ અને રાષ્ટ્રને કોઈક ને કોઈક સમસ્યાઓ સતાવતી હોય છે. સમયાનુસાર એમાં બદલાવ આવે છે, વિચારણા થાય છે, ઉકેલ પણ મળે છે. આપણી જ્ઞાતિ પણ આવી અનેક સામાજીક સમસ્યાઓને સામનો કરી રહી છે. આવી સમસ્યાઓ અંગે આપના વિચારો વ્યક્ત કરવા પ્રકાશ સમીક્ષા આપ સૌ જ્ઞાતિજનોને સાદર નિમંત્રિત કરે છે.

પ્રકાશ સમીક્ષાના અંક ૨૧માં સગપણ વિચ્છેદ અંગે આપના વિચારો વ્યક્ત કરવા નિમંત્રણ આપેલ હતું પણ આ અંગે જ્ઞાતિજનોએ પોતાના વિચારો હજી સુધી અમારા સુધી નથી પહોંચાડ્યા. આ અંગે આજે આ તંત્રીલેખ દ્વારા આપને આપના વિચારો વ્યક્ત કરવા વિનમ્ર નિવેદન કરૂં છું.

સગપણ વિચ્છેદ માટે કોણ જવાબદાર છે? વાલીઓ, યુવકો કે યુવતીઓ? વૈચારિક મતભેદ? આપણામાંના બહુમતી જ્ઞાતિજનો એમ માને છે કે છુટા છેડા કરતા સગપણ વિચ્છેદ સારૂં છે.

આવો આપણે આ અંગે વિચાર પ્રક્રિયા શરૂ કરીએ. પ્રકાશ સમીક્ષાના વાચકોને સગપણ વિચ્છેદ અંગેના પોતાના વિચારો, પત્ર કે ઈ-મેઈલ દ્વારા પોતાના નામ-ગામ-સરનામુ તથા મોબાઈલ નંબર સાથે કાર્યાલયના સરનામે અથવા સમજ્ઞાક્રિસિક્તવડલળક્શહ.ભજ્ઞળ ઉપર મોકલવા વિનમ્ર નિવેદન છે. તંદુરસ્ત ચર્ચા-વિચારણા કદાચ આ સળગતા પ્રશ્નના નિવારણ માટે ઉપયોગી થાય તથા આપણી જ્ઞાતિના યુવકો યુવતીઓ માટે માર્ગદર્શક બને.

આ ઉપરાંત જે અન્ય સામાજિક પ્રશ્નો જ્ઞાતિને મુંઝવી રહ્યા છે એ અંગે પણ આગામી સમયમાં આપણે વિચાર પ્રક્રિયા શરૂ કરવા, આપના વિચારો જાણવા પ્રકાશ સમીક્ષા પ્રતિબદ્ધ છે. આવો, આપણે સાથે મળી જ્ઞાતિને મુંઝવતા પ્રશ્નો વિશે નિખાલસતાથી ચર્ચા વિચારણા કરીએ તથા તેમાંથી બહાર આવવા સંયુક્ત પ્રયાસો કરીએ.

**- હિરાચંદ દામજી દંડ**

### 'પ્રકાશ સમિક્ષા'ના વોટ્સએપ દૈનિક પ્રકાશનમાં જોડાઇ જવા વિનંતી

૨૦૧૮ થી પ્રકાશ-સમીક્ષાએ તેની ઓનલાઇન આવૃતિનો પ્રારંભ કર્યો. આ વોટ્સએપ દૈનિકમાં કોઇ વિવાદાસ્પદ કે ચર્ચાત્મક પ્રશ્નો લેવામાં આવતા નથી. તેના એડમીનીસ્ટ્રેટર શ્રી તિલકભાઇ કુંવરજી લોડાયા (ચેન્નાઇ), (ભૂતપૂર્વ ઇન્કમટેક્ષ કમીશ્નર) દ્વારા જ્ઞાતિની યુવા અને અન્ય પ્રતિભાઓ, તેમની સિધ્ધિઓ અને ઉપલબ્ધિઓ સહિતની કેવળ સકારાત્મક અને પ્રેરક માહિતી દરરોજ વોટ્સએપ પર અપાઇ રહી છે, આમાં આપ પણ જોડાઇને જ્ઞાતિને લગતા સમાચારો દરરોજ જાણી શકો છે.

**સંપર્ક : શ્રી તિલકભાઇ કુંવરજી લોડાયા - 99406 36646**

## ‘પ્રકાશ-સમીક્ષા’ પાક્ષિક

દર મહીને ૫ અને ૨૦ તારીખના પ્રગટ થાય છે. લેખો, સમાચારો આગામી કાર્યક્રમો-પ્રવૃત્તિઓની જાહેરાતો ઈત્યાદી અનુક્રમે ૧ અને ૧૫ તારીખ સુધીમાં મોકલાશે તો તે મેટર જે તે અંકોમાં પ્રકાશિત કરવાનું અમને શક્ય બનશે.

**પ્રકાશ-સમીક્ષાના જાહેરાત દર ૧ એપ્રિલ ૨૦૧૯ થી**

**કલર પાનાની જાહેરાત**

| પ્રકાર | સાઈઝ | કલર | GST 5% | ટોટલ |
|---|---|---|---|---|
| મુખપૃષ્ઠ | 167 x 190 mm | 11,000/- | 550/- | 11,550/- |
| આખું પાનું | 167 x 233 mm | 10,000/- | 500/- | 10,500/- |
| અડધું પાનું | 167 x 114 mm | 6,000/- | 300/- | 6,300/- |
| પા પાનું | 82 x 114 mm | 4,000/- | 200/- | 4200/- |

**બ્લેક એન્ડ વ્હાઈટ પાનાની જાહેરાત**

| પ્રકાર | સાઈઝ | B/W | GST 5% | ટોટલ |
|---|---|---|---|---|
| આખું પાનું | 160 x 225 mm | 6,000/- | 300/- | 6,300/- |
| અડધું પાનું | 160 x 111 mm | 3,500/- | 175/- | 3,675/- |
| પા પાનું | 77 x 111 mm | 2,000/- | 100/- | 2,100/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | 1100/- | 55/- | 1155/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | 600/- | 30/- | 630/- |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા

**જાહેરાત/લવાજમ ભરવા અમારી બેંક અકાઉન્ટની વિગત નીચે મુજબની છે.**

For NEFT Transfer
Type of Account : Saving
Account Number : 004003000002
Name of the Bank : Shri Arihant Co-op Bank Ltd.
Branch : Chinch Bunder, Mumbai - 400 009.
IFSC Code : ICIC00ARIHT (after ICIC it is zero zero)
MICR Code : 400800005
Name of the Account: Shri C D O Prakash Samiksha Samiti
For Mobile App Transfer
Our MMID Code : 8359011
You must write/mail separate letter giving payment reference number, amount and date of transfer.
For old subscribers-Just give your Subscription Number.
For New Subscribers - Give full residence address with native village (Kutch Halar).
જાહેરાત / લવાજમ મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.
જુના ગ્રાહકોએ ફક્ત ગ્રાહક નંબર મોકલવો.
નવા ગ્રાહકોએ હાલનું પૂરું સરનામું પોતાના (કચ્છ-હાલાર)ના ગામ સાથે લખી મોકલવું.
For Cheque Payment
Draw your cheque in the name of **"Shri C D O Prakash Samiksha Samiti"** and payable at par at Mumbai.
ચેકથી જાહેરાત/ લવાજમ ભરનારાઓને ચેક Shri C D O Prakash Samiksha Samiti નાં નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવો જોઈએ.

## વાચકોના પ્રતિભાવ

### શું પક્ષીઓ સંથારો લે છે ?

વોલ્યુમ ૨૧ અંક ૧૮ તા. ૨૦-૪-૨૦૧૯માં શ્રી પ્રવીણભાઇ લોડાયા વડોદરાનો લેખ વાંચી વીચારતા કરી દીધા છે. કલ્પનામાં ન આવે એવી વાત એમણે રજુ કરી છે. ખરેખર આપણે પક્ષીઓને માનવીની જેમ કુદરતી મરતા જોયા નથી. પક્ષીઓમાં પણ કેટલી સમજ હશે કે પોતાનું આયુષ્ય પુરૂ થવામાં હોય તે સમજીને ઉંચે ઉંચે આકાશમાં જઈ પોતાના શરીરને વીસર્જન કરતા હશે. રાત્રે આપણે ચણ ખાતા કે પાણી પીતા કોઇ પક્ષીઓને જોયા નથી. પ્રભુજીની આજ્ઞાનું પાલન કરી અંત સમયે પોતાનો ભવ સુધારી લેતા હશે. ધન્યવાદ પ્રવીણભાઇને કે આપણને પ્રકાશ સમીક્ષા દ્વારા જાણવા - સમજવા જેવા સારા-સારા લેખ આપે છે.

**- શાંતિલાલ કે. લોડાયા,** તેરા-વડોદરા

### રાગ : જિંદંગી કા સફર હૈ યે ઐસા સફર

વી.એલ.વી.જી. સફર
ભરેતી સવા સદીથી ડગર જો કો ભણ્યા હડા
થ્યા સુખી સંપન્ન વડા.
અસંખ્ય છાત્રે ચણ્યા સેવાજા મિના
તેમે શીવજીભાઇને ચાંપશીભાઇ જેડા મૂઠી ઊંચેરા.
જોકો ભણ્યા હડા થ્યા આધારસ્તંભ વડા
મુસીબત જા માર્યા આયા ઘણે
કાબેલ ને સંસ્કારી થ્યા મળે
હાણે ખિલિધાં ઘણે રાયચંદભાઇને
હંસકુમારભાઇ વડવાઇયે મેં
હી કે.ડી.ઓ. જો અત્યાધુનિક મથક પ્યારો
ઉત્તમ કોટીજો ભણેલા સરસ્વતી મંદિર ન્યારો
ભાવિ સિતારા અચો મળે
ભાઇચારો નભાઇજા મળે

**રચયિતા - ખમા ધર્મેન્દ્ર નાગડા,** માટુંગા-જખૌ


લગ્નસરાની સાડીઓમાં કેડીઓ જ્ઞાતિનું વિશ્વસનીય નામ

**અવસર સારીઝ**

* સાચી/ટેસ્ટેડ કસબ અને જીક કસબ સાડીઓ, ચણીયા ચોલી.
* રીયલ/ટેસ્ટેડ ઘરચોળા, બોર્ડરો, પાનેતર, બાંધણીઓ તથા ફેન્સીવર્ક સાડીઓ

૧ રૂપલ અપાર્ટમેંટ, દાદાસાહેબ ફાળકે રોડ, સાધના હોટલની સામે, દાદર (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૧૪. ફોન : 022-24164239
સંપર્ક : દિનેશ દેઢિયા - 92234 25676

# એક ચિંતાજનક હકીકત

લગભગ છેલ્લા ૨૦-૨૦.૫ વર્ષ સુધી એક હાથે સંકલન કરેલ કેડીઓ જ્ઞાતિજનનાં મૃત્યુની વિગત-આંકણ (જે કુલ્લે ૫૦૦૦ થી વધારે છે)ને જેને વિવિધ રીતે પ્રસ્તુત કરેલ છે. પણ તેમાં જ્ઞાતિજનોની ૨૧ વર્ષથી માંડીને ૫૫-૬૦ વર્ષ સુધીના વયમાં થઇ રહેલાં 'અવસાન' ને તેને લઇને મોટા ભાગના કિસ્સામાં બેને પક્ષ (પોતાનું ને સાસરીયા પક્ષ) ને ભોગવવી પડતી યાતનાઓ ને આડકતરી રીતે ઉભા થતા ગંભીર પ્રશ્નો પણ સંપૂર્ણ જ્ઞાતિની દૃષ્ટિએ વિચાર વિમર્શ થયેલ છે.

| | વય મર્યાદા | પુરૂષ (M) | મહિલા (F) | કુલ્લે |
|---|---|---|---|---|
| ૧) | ૨૧ થી ૩૦ | ૫૩ | ૩૭ | ૯૦ |
| ૨) | ૩૧ થી ૪૦ | ૧૨૫ | ૪૯ | ૧૬૪ |
| ૩) | ૪૧ થી ૫૦ | ૨૪૨ | ૧૩૫ | ૩૭૭ |
| ૪) | ૫૧ થી ૫૫ | ૧૭૧ | ૧૧૧ | ૨૮૨ |
| ૫) | ૫૬ થી ૬૦ | ૨૪૨ | ૧૫૩ | ૪૧૫ |
| | | **૮૩૩** | **૪૦૩** | **૧૩૨૬** |

લગભગ ૨૦.૫ ૨ વર્ષ (એપ્રીલ ૧૯૯૮ થી નવેમ્બર ૨૦૧૮)

ઉપરના આંકડાઓ જ્ઞાતિ મુખપત્રો તથા મુ.સ.માં બહાર પડેલ વિગતથી ઉતારેલ છે ને લગભગ ૯૯.૯૯% સાચા છે. (જન્મ પામેલ બાળકોની વિગત ૧-૨ મહિના, અમુક કિસ્સામા ૬ મહિના પછી પણ) પ્રગટ થયેલ છે, પણ અવસાન પામેલાની વિગતો હવે આજે એસએમએસ થી તેજ દિવસે / બીજે દિવસે જાણ થઇ જાય છે.)

ઉપરોક્ત આંકડાનો અભ્યાસ કરીએ તો ૨૦.૫ વર્ષમાં કુલ્લે ૧૩૨૬ અવસાન નોંધ એટલે એવરેજ વર્ષ દહાડે ૬૫ને મહિને લગભગ ૫ થી વધુ જેનો અર્થ કે ૩૧ થી ૬૦ વર્ષમાં લગભગ અવસાન પામેલ વ્યક્તિ પરિણિત હોય જ (લગભગ), એટલે આવી અવસાન પામેલ વ્યક્તિને પોતાનું કુટુંબ ઉપરાંત સાસરિયાના કુટુંબને પણ ખોટ પડશે.

જ્યારે પુરૂષનું ૩૧ થી ૫૦ વર્ષ વયની વચ્ચે અવસાન થાય તો ઘણા કિસ્સામાં એના બાળકો હજી સ્કુલ - કૉલેજ ભણતા હોય, ભણીને પગભર થવા સંઘર્ષ કરતા હોય છે. ત્યારે એ વડીલનું અવસાન થાય તો એનો ધંધો (બીઝનેસ) સંભાળી શકે એવી માનસિક અવસ્થા ન હોય, એ સ્વાભાવિક છે.

ભણતર અધવચ્ચે મુકવું પડે એવા ઘણા કિસ્સા આપણે આજુબાજુ જોઇ રહેલ છીએ ને બાળકો પગભર થયા ન હોય તો એ સંઘર્ષ કરવો જરૂરી બને છે.

હવે આ વયની સ્ત્રીઓ (મહિલાઓ) અવસાન પામે તો તો કેટકેટલું નુકશાન થાય એ માટે વધુ વિગતો જરૂરી નથી. પુરૂષ ઘરભંગ (વિધુર) થાય તો એના ઉપર, એના કુટુંબ /બાળકો ઉપર શું શું વીતે એ કલ્પના બહારની વસ્તુ છે, સરાસર મહિને ૫ તો બંને પક્ષ મળીને ૧૦ કુટુંબ પર આની સીધી અસર થાય છે ને બાર મહિને લગભગ ૧૦૦ થી ૧૨૦ કુટુંબ આ પરિસ્થિતિને પામે છે. સ્ત્રીની અચાનક વિદાય પછી, શું થાય છે, એ તો આપણે આજુબાજુ ઘણા કિસ્સા જોયેલા છે. શું એનો કોઇ જ્ઞાતિ ધોરણે કાયમી ઉપાય ખરો ? સુજ્ઞ જ્ઞાતિજનો આ વિચારધારાને આગળ વધાવશે એવી અપેક્ષા છે.

(નોંધ : આગળ બતાવેલ ૫૦૦૦ ઉપરાંત મૃતક જ્ઞાતિજનોની પૂરી વિગત (ત્રણ પેઢીના નામ સાથે, વતનના ગામ સાથે ને રહેઠાણના સ્થળ ઉપરાંત અવસાનની તારીખ તથા તે વખતની ઉમર) પૂરી વિગત મારી પાસે ઉપલબ્ધ છે ને જેમાં નવા અવસાન થયેલ લાવી વિગત ઉમેરાતી જાય છે)

**- પદમકુમાર ધનજી નાગડા**, હુબલી, 86607 82086


।। શ્રી શાંતિનાથાય નમો નમઃ ।।

**શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ - મુંબઇ**

**આયોજીત**

## સમુહ લગ્ન - ૨૦૧૯

**તા. ૧૫-૧૨-૨૦૧૯ના સમુહ લગ્ન કચ્છમાં જોડાવવા ઇચ્છુક વ્યક્તિઓને ફોર્મ વહેલી તકે મેળવી લેવા વિનંતી.**

**-: સંપર્ક :-**

| | | |
|---|---|---|
| **પ્રબોધ મુનવર** | ભુજ | - 99251 69876 |
| **હેમંત મોતા** | લોનાવાલા | - 93707 10891 |
| **અરવિંદ લોડાયા** | ગાંધીધામ | - 98256 34649 |
| **વિરચંદ ખોના** | વાશી | - 98709 89005 |
| **ચંદ્રેશ છેડા** | રાયપુર | - 94252 13540 |
| **વિરેન્દ્ર લોડાયા** | મુંબઇ | - 98210 73830 |
| **ચંદેશ લોડાયા** | અમદાવાદ | - 98240 14047 |
| **શાંતિલાલ લોડાયા** | વડોદરા | - 98240 12971 |
| **લક્ષ્મીચંદ દંડ** | ખંડવા | - 99775 50110 |
| **ચેતન** | કોચીન | - 98462 68777 |
| **લહેરચંદ લોડાયા** | હૈદરાબાદ | - 92465 31066 |
| **કુસુમકાંત લાલકા** | ડોબિંવલી | - 93239 61617 |
| **ચેતન ખોના** | અબડાસા | - 98796 14744 |

**શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ - મુંબઇ**

**કિરણ દંડ** **પ્રબોધ મુનવર**

રજી. નં. એ–૭૫–જામનગર ॥ શ્રી અજિતનાથાય નમઃ ॥

# શ્રી અજિતનાથ મહારાજ જૈન દેરાસર ટ્રસ્ટ

મુ.પો. દલતુંગી, જી. જામનગર, ગુજરાત - ૩૬૧૨૮૦.

## દલતુંગી ગામે પર્યુષણ પર્વ

પ્રિય ગામવાસી ભાઈઓ તથા બહેનો, જય જિનેન્દ્ર !

દર વર્ષની જેમ આ વર્ષે પણ ટ્રસ્ટ બોર્ડે દલતુંગી તીર્થે પર્યુષણ પર્વ ખૂબજ ધામધુમથી ઉજવવાનું નક્કી કરેલ છે. સર્વે ગામવાસી તથા નિયાણી દિકરીઓને સહકુટુંબ પધારવા આગ્રહભરી વિનંતી છે.

પર્વાધિરાજ પર્યુષણ મહાપર્વની ઉજવણી માદરે વતન **દલતુંગીમાં શ્રી અજિતનાથ દાદાની છત્રછાયામાં શ્રાવણ વદ ૧૩ ને મંગળવાર તા. ૨૭-૮-૨૦૧૯ થી ભાદરવા સુદ ૬ ને બુધવાર તા. ૦૪-૯-૨૦૧૯** દરમિયાન ઉજવવામાં આવશે. (સંઘના રસોડે રોજ સવારની નવકારશી, બપોરનુ ભોજન, સાંજે ચોવિહારની વ્યવસ્થા તા. ૨૬-૮-૨૦૧૯ બપોરથી તા. ૦૪-૯-૨૦૧૯ બપોર સુધી કરવામાં આવશે.) આ પર્યુષણ મહોત્સવને સફળ બનાવવા **એક દિવસનો નકરો રૂા. ૧૫,૦૦૦/-** નક્કી કરેલ છે. વહેલો તે પહેલાના ધોરણે દાતાશ્રી આવકાર્ય. નામો ટ્રસ્ટીશ્રી **દિલિપભાઈ લાપસીયા** (મો. 092144 26142), **શ્રી પંકજભાઈ માલદે** (મો. 072081 56691) અથવા **શ્રી પ્રવિણભાઈ લોડાયા** (મો. 098338 19689) ને લખાવવા વિનંતી.

પર્યુષણ દરમ્યાન વાંચન માટે આર્યરક્ષિત વિદ્યાપીઠમાંથી બે બહેનો/ભાઈઓ આરાધના કરાવવા પધારશે. તો ચાલો સૌ ગામવાસીઓ તથા નિયાણી દિકરીઓ સાથે મળી પર્યુષણ મહાપર્વની આરાધના ધામધૂમથી દલતુંગી ગામે કરીએ.

**ખાસ નોંધ : પ.પૂ.સા.શ્રી દિવ્યગુણાશ્રીજી મ.સા.** તથા **પ.પૂ.સા.શ્રી કોટીગુણાશ્રીજી મ.સા.**ને વંદવા તથા મહાજનવાડી ઉદ્‌ઘાટન/સમોવસરણ સ્થાપન નિમિત્તે પધારવા વિનંતી કરવા સંઘ રૂપે પાલીતાણા જવાનું છે. ભાદરવા સુદ ૬ને **બુધવાર તા. ૪–૯–૨૦૧૯** બસ/ટ્રેન દ્વારા દલતુંગીથી પાલીતાણા જવાનું છે. **તા. ૫–૯–૨૦૧૯** સવારના પૂ.શ્રીને વંદન કરવા જશું. દલતુંગીથી પાલીતાણા આવનાર ભાઈ/બહેનોએ નામો **શ્રી શામજીભાઈ શિયાળ**ને (મો. 7567140940) લખાવવા વિનંતી. મુંબઈ અથવા બાહરગામથી જોડાવવા ઈચ્છુક ભાઈઓએ પોતાની રીતે પાલીતાણા પધારવું.

**લી. શ્રી અજિતનાથ મહારાજ જૈન દેરાસર ટ્રસ્ટ વતી સર્વે ટ્રસ્ટીગણના જયજીનેન્દ્ર !**


*With Best Compliments from*

BLUE MOON GROUP

REAL ESTATE CONSULTANTS | INVESTMENT CONSULTANTS | INTERIOR DESIGN | TAX ADVISORS | ACCOUNTING SERVICES

TILAK SHAH
PARSHWANATH
ENTERPRISE PVT. LTD.
99309 82061 / 91672 44022
tilakshah60@yahoo.co.in
Veeran Shah - 99304 75442

CONTACT FOR
Buying, Selling or on Leave & Licence of Flats, Shops, Bunglows, Plots etc. anywhere in Mumbai including Sion, Matunga, Wadala, Dadar, Mulund & Thane.

AVANI YASHWIN
HAPPY IN THE HEAD STUDIO
HAIR CUTS • COLOUR • STYLING • MAKE UP
98196 22325
happyintheheadstudio@gmail.com

ADDRESS
Shop No. 1, B Wing, Mangal Kunj Bldg., Junction of 32 and 36 Road, National College Lane, Off Linking Road, Bandra (W), Mumbai - 400 050

# ઓસવાલોનો ઈતિહાસ - કુળદેવી સચ્ચાય માતા - ભાગ ૨

**રમેશ મુલજી લોડાયા, ભરૂડિયા-મુલુંડ, મો. 9820336767**

ઓશિયાજીની અધિષ્ઠાયીકા, ઓસવાલોની કુળદેવી, જીવતી જાગતી જ્યોત, આદ્યશક્તિ માઁ શ્રી સચ્ચાય માતાના અનેક પરચાઓ ભક્તજનોને સાંપડેલ છે. અહીં થોડા પ્રચલિત પ્રાચિન પરચાઓનો ઉલ્લેખ કરેલ છે.

૧) આશિયાજી માતાનાં મંદિરમાં બ્રાહ્મણો પેઢી દર પેઢી પુજારી તરીકેની સેવા આપે છે. એક વખત માતાજીનાં પુજારી પોતાના ખેતરમાં કામ કરવા ગયા. પાછા વળતી વખતે પોતાનાં ગાડામાં બોરડીનાં કાંટા વાડ બનાવવા માટે ભર્યા. આ વિસ્તાર આમ તો રણ વિસ્તાર છે. ક્યાંક ક્યાંક નાની નાની બોરડીની ઝાડી અને ખીજડાના વૃક્ષો બાકી રેતી. આગ ઉગળતી રેતી. અચાનક હવા અને ધૂળનાં તોફાન આવી જાય. આંધીમાં ધૂળનાં વાદળ ઉડતા જાય. આંધીનો વંટોળિયો જ્યાં સમે ત્યાં રેતીના થર જામી જાય. કઇક કૂબા-ઘર દટાઇ જાય. મારવાડમાં આવું સામાન્ય રીતે બનતું હોય છે.

પુજારી ગાડું લઇ ઘર તરફ આવતા હતા અને ઓચિંતી રેતીની પ્રચંડ આંધી આવી ગઇ. કાંટાના ભર ભરેલું ગાડું ઉંધુ વળી ગયું. ગાડામાં ભરેલા કંટકો નીચે પડી ગયા. કેટલાક પુજારીના વસ્ત્રોમાં ચોંટી ગયા. બળદો ચાલી શકે તેમ ન હતા. અને એકલે ગાડું સીધું કરવું મુશ્કેલ હતું. આંધી રોકાતી ન હતી.

આરતીનું ટાણું થવા માંડ્યું. પુજારીને ચિંતા થવા માંડી કે આરતી સમય પહેલાં પહોંચવું મુશ્કેલ છે અને મારા વગર આરતી કોણ કરશે ? માતાજીને પ્રાર્થના કરતાં કહ્યું ''હે માઁ , તારી આરતી ટાણું થઇ ગયું છે, પણ આ આંધી અટકવાનું નામ લેતી નથી. મારે તારી આરતીનાં સમય પહેલાં કેમ પહોંચવું ? શું વરસોથી પાળતો આવતો આરતીનો સમય ચુકી જવાશે ? તારા કંઇક ભક્તો આરતીની રાહ જોઇ મંદિરે બેઠા હશે તેનું શું ? હે માઁ મારી લાજ રાખેજે.'' પણ ત્યાં તો ચમત્કાર થયો. આંધી સમી ગઇ, ગાડું પોતાની મેળે સીધું થઇ ગયું. બળદો ગાડું લઇ ચાલવા માંડ્યા. પુજારીએ ઉતાવળે મંદિરે પહોંચી માતાજીની આરતી કરી. રાત્રિ થતાં પુજારી મંદિર બંધ કરી ઘરે આવ્યો.

બીજે દિવસે સવારે મંદિર ખોલ્યું. પ્રક્ષાલ કરતી વખતે જોયું તો માતાજીનાં વસ્ત્રમાં કાંટા ચોંટેલા હતા અને આ એજ કંટકો હતા જે પુજારીએ ગાડામાં ભરેલા હતા અને જેમાંના કેટલાક તેનાં વસ્ત્રોમાં ચોંટી ગયા હતા. પુજારી સમજી ગયા. આંધી રોકીને ગાડાને સવળું કરવા માતાજી જાતે જ પધારેલ હતા.

૨) અન્ય એક પરચામાં મંદિરનો પુજારી એકવાર કામ પ્રસંગે જોધપુર ગયેલ. મહારાજાને ખબર પડી. સવારમાં બોલાવી પુજારીને પુછ્યું 'ઓશિયાજી પાછા ક્યારે જવાના છો ? પુજારી કહે હમણાં થોડી વારમાં પ્રયાણ કરશું.' રાજવી ઓશિયા (સચ્ચાય) માતાના પરમ ભક્ત હતા.

રાજન કહે 'તમને માતાજીને ધરવા મીઠાઇ, માતાજીને પહેરાવવા હાર તથા વસ્ત્રોને લગાડવા અત્તરની બાટલી આપુ છું. અમારા વતી જઇને આજે જે માતાજીને ચડાવશો. પુજારીએ સ્વીકારતાં કહ્યુ હું આજે જ સર્વે ચીજો માતાજીને ધરાવી દઇશ.

પુજારીને કોઇ કારણવશ જોધપુરમાં વધારે રોકાણ થઇ ગયું. સંધ્યાનો સમય નજીક આવ્યો. પુજારીને ઓચિંતું યાદ આવ્યું. રાજા વતી મીઠાઇ, હાર અને અત્તર માતાજીને ચઢાવવાના હતા પરંતુ તે હવે બની શકશે નહિં. કારણ સંધ્યા પહેલા ઓશિયાજી પહોંચવું શક્ય ન હતું. પુજારી ખૂબ જ ચિંતિત. રાજાને ખબર પડશે તો સજા ભોગવવી પડશે તેનો ડર લાગવા માંડયો.

પુજારીએ ભોળા ભાવે જોધપુરમાં જ અગરબત્તી, ધૂપ કરી માતાજીનું સ્મરણ કર્યુ. અત્તરની બાટલી ખોલી થોડું જમીન ઉપર છાંટ્યું બચેલું પોતાનાં વસ્ત્રે છાંટ્યું. માતાજીને ચડાવવાનો હાર જમીન ઉપર લગાડી પોતે પહેરી લીધો. મીઠાઇમાંથી થોડા ટુકડા જમીન ઉપર મુકી બાકીની પોતે

**ચલો કેરેલા ! દિવાળી માટે જલ્દી કરો !!!**
**વેકેશનમાં કેરેલા ટૂર ૨૦૧૯**

**હોલીડે પ્લાનર્સ**
**મેહુલ ભૂપેન મૈશેરી**

જ્યુ ટાઉન, મેટાનચેરી, કોચીન-૬૮૨૦૦૨, કેરેલા.
**Mob.: 077360 25429, 081299 45429**
**E-mail: info@holidayplannersonline.com**
**Website: www.holidayplannersonline.com**
**• કોચીન • મુન્નાર • ઠેક્કડી • કુમારકોમ • એલ્લપી હાઉસબોટ • કોવાલમ • કન્યાકુમારી • ત્રિવેન્દ્રમ**

**શ્રી મહાવીર એમ્બ્રોઈડરી**
**રાજ નીકેતન બિલ્ડીંગ, ભંડારકર રોડ,પોસ્ટ ઑફીસની સામે, માટુંગા. ફોન : 2402 5070 / 86522 39537**
**સાચી જરીના ઘરચોળા તેમજ સાચી જરીની સાડીઓ સારા ભાવે વેંચાતા લઈશું.**
સોમવાર બંધ

॥ શ્રી ચક્રેશ્વર્યૈ : નમઃ ॥ ॥ શ્રી વિમલનાથ સ્વામિને નમઃ ॥ ॥ શ્રી મહાકાલ્યૈ : નમઃ ॥

॥ શ્રીઆર્ય-જય-કલ્યાણ-ગૌતમ-નીતિ-દાન-નેમ-ગુણ-ગુણોદય-કલાપ્રભ-કવીન્દ્ર-વીરભદ્ર-મહોદય- સૂરિભ્યો નમો નમઃ॥

## વડોદરા કે.ડી.ઓ. મધ્યે વિમલનાથ જિન પ્રાસાદે નૂતન ચક્રેશ્વરી સાધના ભવન પ્રેરક ગુરૂદેવ નું પ્રથમ ચાર્તુમાસ પર્વ પ્રવેશ

# ભાવભર્યુ હૃદયોમાં છલકાવતું આમંત્રણ

ચોમાસુ....ચોમાસુ...ચોમાસુ.... આવ્યુ અષાઢ ચોમાસુ.........વિમલનાથ દાદાની મહેર, સૂરિ ષષ્ઠં ની આશીષ લહેર ચક્રેશ્વરી સાધના સદને, પ્રેરક ગુરૂવર્યોનો આવ્યો પ્રવેશ **શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન સમાજ -વડોદરા નગરે** અચલગચ્છાધિપતિ તપ-ચક્રવતી-તપ પ્રભાવક - તપ શિરોમણી પ.પૂ. આ.દેવ શ્રી ગુણોદયસાગર સૂરીશ્વરજી મ.સા.ના આજ્ઞાવર્તીની પ.પૂ. નરેન્દ્ર-અરૂણ-ધૈર્યબાગના માતૃહૃદયા મહામધાચિમાન પુષ્પરૂપ પ.પૂ.સા. ગુણમાલાશ્રીજી મ.સા.ના શિષ્યા ચક્રેશ્વરી સાધના ભવનના પ્રેરક પ.પૂ.સા.શ્રી હિતપ્રજ્ઞાશ્રીજી મ.સા., પૂ.સા.શ્રી ઋજુપ્રજ્ઞાશ્રીજી મ.સા. ની પ્રથમ ચાર્તુમાસ થી વિનંતીઓ કરતાં રહયા તે 10 વર્ષે ફરી એ યોગ પ્રાપ્ત થતાં અમારા હૃદયે ખુશીના મોજા ઉછળી રહયાં છે. આ પ્રસંગના સાક્ષી બનવા સમસ્ત જૈન અચલગચ્છીય સંઘોને તથા ગુરૂ ભકતોને આમંત્રણ પાઠવી રહયાં છીએ. .......... સંઘ પર આ પ્રસંગે પ.પૂ.યશઃપ્રભાશ્રીજી મ.સા.ના આશીષ અનરાધાર વરસી રહયાં છે.................................

**-: કાર્યક્રમની રૂપરેખા :-**

**-: શુભ પ્રવેશ દિન :-**
સંવત ૨૦૭૫ અષાઢ સુદ ૫
તા. ૭-૭-૨૦૧૯ રવિવારના
સવારના ૮-૩૦ કલાકે

**-: સામૈયુ :-**
આજવા રોડ ઈન્દ્રપુરી સંઘ થી
સવારના ૮-૦૦ કલાકે કરાશે અને
ઉપાશ્રયમાં ૮-૩૦ કલાકે મંગલ પ્રવેશ થશે.

વ્યાખ્યાન બાદ શાસન સામ્રાજ્ઞી ચક્રેશ્વરી માતા, ગચ્છાધિષ્ઠાયીકા મહાકાલી માતાની ભાવના વડોદરા-સાંચરા મહાજનના ભાવિકો ભકિતની રમઝટ જમાવશે

પ્રવેશ માંગલિક આયંબિલ સંઘ સ્વામીભક્તિ ૧૨-૩૦ કલાકે

સૂત્રાધિકારે ધર્મબિંદુ ગ્રંથ
ભાવનાધિકારિ
અગ્નિશર્મા-ગુણસેનનું ચરિત્ર

શુભ સ્થળ
**શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન સમાજ-વડોદરા** ફોન-૦૨૬૫-૨૫૩૧૭૦૦
શ્રી વિમલનાથજી દેરાસર , શ્રી ચક્રેશ્વરી સાધના ભવન, માતુશ્રી રતનબેન કાંતીલાલ મોતા વિવિધ લક્ષી હોલ,કેડીઓ નગર સરસ્વતી નગર સોસાયટી,હરણી-વારસીયા રીંગ રોડ, ટેલીફોન એક્ષચેન્જ પાસે, કલાવતી હોસ્પીટલની સામે, વડોદરા.

લિ. શ્રીક.દ.ઓ. જૈન સમાજ-વડોદરા - પ્રમુખ શ્રી હિરેન્દ્ર કાંતીલાલ મોતા
ચાર્તુમાસ સમીતી - કન્વીનર શ્રી પ્રિતમ કુંવરજી લાલકા



# ૯૯ યાત્રાની અનુમોદના...

## ૧૦th SSC બોર્ડ - ૮૯.૬૦% અભિનંદન

## પુજન પુર્વી દિપક લાલકા

ગામ : મોટીખાવડી, હાલ : ઘાટકોપર

શ્રી આદીનાથ દાદાની કૃપા અને પૂ. ગુરૂભગવંતોના આશિર્વાદોથી શ્રીમતી પુર્વી દિપક લાલકાના લાડકવાયા **ચિ. પુજન** પરમ પવિત્ર શ્રી શત્રુંજય મહાતીર્થ પાલીતાણા મધ્યે ૯૯ યાત્રા પૂર્ણ કરેલ છે. તેની ભૂરી-ભૂરી અનુમોદના... સાથે-સાથે માઁ સરસ્વતી, શ્રી સચ્ચાઇમાઁની અસીમ કૃપા અને વડિલોના આશીર્વાદોથી **10th SSC Board** ની પરીક્ષામાં **89.60%** સાથે ઝળહળતી સફળતા મેળવી ગામ-કુટુંબનું ગૌરવ વધારવા બદલ અમો હર્ષની લાગણી અનુભવીએ છીએ.

**શુભાશિષ**

દાદા-દાદી : કંચનબેન રાયચંદ લાલકા (ઘાટકોપર - મોટીખાવડી)
નાના-નાની : કાંતાબેન મણીકાંત દંડ (સાંતાક્રુઝ - ભરૂડીયા)
મોટા મા-બાપા : નયના કીશોર લાલકા (મુલુન્ડ) / સ્વ. અનીલ રાયચંદ લાલકા / રીના રાજેશ લાલકા (ઘાટકોપર)
મામા-મામી : ભવ્યા ખીલીન દંડ (સાંતાક્રુઝ)
બહેન : શ્રધ્ધા કિશોર લાલકા, ફોરમ રાજેશ લાલકા • ભાઇ : રેયાન્શ ખીલીન દંડ

**તથા શ્રી ઘાટકોપર જી.વી.સી. સંઘના જય જિનેન્દ્ર**

આરોગી લીધા. માતાજીને અરજી કરી 'હે માઁ તારા સ્થાને ધરવાનું હતું પરંતુ પહોંચી શકાય તેવું નથી. રાજવી વતી આ ઉપહારનો તું સ્વીકાર કરજે.'

રાજ્યના કોઇ નોકરે આ જોઇ લીધું કે રાજવી વતી માતાજીને ધરાવવાની તમામ વસ્તુઓનો પુજારીએ જ ઉપભોગ કરી લીધો છે. જઇને રાજાને ફરિયાદ કરતાં કહ્યું તમે પુજારીને માતાજીને ધરવા આપેલ મીઠાઇ, હાર અને અત્તરનો તેણે પોતેજ ઉપભોગ કરી લીધો છે. રાજવી ગુસ્સે થયા અને તુરત જ પુજારીને હાજર કરવાનો હુકમ કર્યો.

સેવકોએ પુજારીને રાજવી સમક્ષ હાજર કર્યો અને આપેલી વસ્તુઓ અંગે પુછ્યું, પુજારી કહે, રાજન આપે આપેલી તમામ વસ્તુઓં મેં મારા હાથે માતાજીને ભોગ ચઢાવેલ છે. રાત્રિ થઇ ચૂકી હતી માતાજીનું મંદિર બંધ થઇ ચુક્યું હતું. પુજારીના સત્યપણાની ખાત્રી કરવા તુરત જ ઘોડેસવારોને ઓશિયાજી મોકલ્યા અને સવારે મંદિર ખુલતાં પહેલાં ત્યાં પહોંચી જઇ અને મંદિર ખુલતાં જ માતાજી પાસે ઉપહાર ધરાયો છે કે નહિ તેની તપાસ કરવા જણાવ્યું. પુજારી રાતભર માતાજીની પ્રાર્થના કરતો રહ્યો કે હે મા, તારા સેવકની પત રાખજો.

મંદિર ઉઘડતાં સેવકોએ તપાસ કરી. જઇને જોયું તો માતાજીને પહેરાવવા રાજવીએ જે હાર આપેલો તે માતાજીનાં ગળામાં હતો. ભોગ ધરાવતા આપેલી મિઠાઇ માતાજી સમક્ષ ધરેલી હતી અને અત્તરની જે બાટલી આપી હતી તેજ ખાલી બાટલી માતાજી પાસે પડેલી હતી. પોતાનાં ભક્તની પત માતાજીએ રાખી હતી.

૩) કર્ણાવતી નગરીમાં વિક્રમ સવંત ૪૨૯માં ભયંકર દુષ્કાળ પડ્યો. એ વખતે પાતાશાહ નામનાં શ્રેષ્ઠી થયા. મનુષ્યો અન્ન માટે ટળવળે, પશુઓ ઘાસચારા માટે અને પાણી વિના તરફડે. પાતાશાહે અન્ન અને ઘાસચારો આપવાનું શરૂ કર્યું પણ ખુટ્યું. દુષ્કાળ ઉતારવો મુશ્કેલ હતો. પાતાશાહે પોતાના માણસોને દેશાવર મોકલ્યા પણ મંગાવેલું અનાજ અને ઘાસથી પણ પુરૂં ન થયું. પોતાની સર્વે પુંજી તથા પત્નીનાં ઘરણાં સુધ્ધા આપી દીધા. માંગવા આવનારાઓની સંખ્યા દિનપ્રતિદિન વધવા માંડી.

પાતાશાહ વિચારે શું કરવું ? હવે તો મૂડી પણ રહી નથી તો અનાજ-ઘાસચારો કેવી રીતે મંગાવવો ? થોડો સમય ચાલે એટલું જ બચ્યું હતું. પાતાશાહે માઁ સચ્ચાયને યાદ કર્યા. ત્રણ દિવસનાં ઉપવાસ આદરી દેવીનું સ્મરણ કર્યુ અને માઁ ને પ્રાર્થના કરી 'હે માઁ કાં તો મને દુકાળને પાર ઉતારવાની શક્તિ આપ અને નહિતર મારૂં જીવન લઇ લે.'

આખરે ત્રીજે દિવસે દેવી પ્રસન્ન થયા અને થેલી આપતાં બોલ્યા ''હે ભક્ત તારી સેવા અને ભક્તિથી હું પ્રસન્ન થઇ છું, આ થેલીમાંથી જેટલું જોઇએ તેટલું કાઢતો રહેજે, થેલી નહી ખૂટે, તું નિશ્ચિત દુકાળને પાર ઉતારી શકશે.'' ધનનો અખૂટ ખજાનો આવતાં દૂર દૂરથી અનાજ અને ઘાસચારો મંગાવી. પાતાશાહે દુષ્કાળને પાર કર્યો. સુકાળ થયો. લોકો પાત્તાશાહને આર્શીવાદ આપી ચાલ્યા ગયા.

પાતાશાહે દેવીને ફરી યાદ કર્યા. ત્રણ ઉપવાસે દેવી હાજર થયા. પાતાશાહ કહે 'દેવી તમારી થેલી પાછી સંભાળી લો. મારૂં કાર્ય પાર ઉતરી ગયું છે.' દેવી કહે હું તારી ભક્તિ ઉપર ખુશ છું. આ થેલી તારી પાસે જ રાખ.' પાતાશાહે ત્યારબાદ સન્માર્ગે ખૂબ જ વાપર્યું અને પાછળથી સંયમ ધર્મ સ્વીકાર્યો.

– ક્રમશઃ


Upto date Alteration માટે 'જ્યોતિ'

તમારી જુની સાડી, ચણીયા ચોળી, સેલા, ઘરચોળાને Fancy મટીરીયલ્સ, બાંધણી, પટોળા પર Transfer કરાવી Designer Piece બનાવો.

જ્યોતિ

સિલ્ક સાડી એમ્પોરીયમ

*Sachi Jari maate real nam*

૨૮, ગની મેન્શન, અરોરા થિયેટર પાછળ, માટુંગા (સે.રે.), કિંગ્સ સર્કલ, મુંબઈ-૪૦૦ ૦૧૯. Tel.: 2404 3995

Originally at Zaveri Bazar since 1976 Sunday Closed



## -: ગૃહપતિ જોઈએ છે :-

૧૧૫ વર્ષ જુની સંસ્થા દ્વારા સંચાલિત; અદ્યતન વિદ્યાર્થીગૃહમાં રહી ૫મા ધોરણથી ગ્રેજ્યુએટ તથા પોસ્ટ ગ્રેજ્યુએટનો અભ્યાસ કરતા ૧૭૫ વિદ્યાર્થીઓની સંભાળ રાખવા તેમજ તેમના શૈક્ષણિક અને સર્વાંગી વિકાસમાં માર્ગદર્શક બની રહે તેવા ઉત્સાહી, સ્વસ્થ-નિરોગી વ્યક્તિની નિમણુંક કરવી છે. અનુભવી વ્યક્તિને પ્રથમ પસંદગી.

**રહેવા-જમવાની સગવડ ઉપલબ્ધ છે.**

**અપેક્ષિત પગાર સાથે અરજી કરો :**

**શ્રી વિરજી લધાભાઇ કે.ડી.ઓ. જૈન વિદ્યાર્થીગૃહ**

**શ્રી ભવાનજી અરજણ ખીમજી એજ્યુકેશનલ કેમ્પસ**

**લક્ષ્મી નિવાસ, કામાલેન,**

**ઘાટકોપર (વેસ્ટ), મુંબઇ-૪૦૦ ૦૮૬.**

**ફોન : 25133174**

**ઈમેલ : vlvgtrust@gmail.com**

॥ શ્રી મોટી ખાવડી તીર્થ ॥

॥ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ॥ ॥ શ્રી ચંદ્રપ્રભસ્વામીય નમઃ ॥

# જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ - મોટી ખાવડી

જીઃ જામ નગર, ગુજરાત - ૩૬૧૧૪૦

સહર્ષ ખુશાલી સાથે જણાવવાનું કે શ્રી મોટી ખાવડી જૈન સંઘ નાં આંગણે પં.પૂ. સાધ્વી. શ્રી. મહોદયાશ્રીજી મા.સા. આદિ ૪ ઠાણા ની નિશ્રા માં તા. ૦૯.૦૬.૨૦૧૯ થી ૧૩.૦૬.૨૦૧૯ દરમ્યાન પંચાનિકા મહોત્સ્વની હર્ષ ભેર ઉજવણી કરવામાં આવી તા. ૦૯.૦૬.૨૦૧૯ ના રોજ શ્રી સંઘ ની નવનિર્મીત નૂતન મહાજન વાડી નૂ ઉદંઘાટન કરવામાં આવેલ આ દિવસે જામનગર જીલ્લા માં વસતા સમગ્ર શ્રી. ક.દ. ઓશવાળ મહાજનો, જ્ઞાતિજનો, ગામની નીયાણીઓ અને આમંત્રીત મહેમાનો એ બહોળી સંખ્યા માં ભાગ લીધેલ. તેમજ તા. ૧૨.૦૬.૨૦૧૯ ના રોજ શ્રી શંખેશ્વરપાર્શ્વનાથ જીનાલય ની ૧૪૩ મી વર્ષગાઠ નિમીતે ધ્વજરોહણ નુ આયોજન કરવામાં આવેલ. આ ધ્વજા નો ચડાવો તેમજ સંપૂર્ણ પંચાનિકા મહોત્સવ ના લાભાર્થી પરીવાર માતૃશ્રી જયાબેન મોતિલાલ લોડાયા સહપરિવાર ની શ્રી સંઘ ભૂરી ભૂરી અનુમોદના કરે છે. આ પ્રસંગ ને દિપાવવા હાજર રહેલ સર્વે ગામ વાસીઓ, મહાજનો અને આમંત્રીત મહેમાનો નો શ્રી સંઘ આભાર માને છે.

## શ્રી સંઘ ના આગામી પ્રસંગો

- તા. ૧૧.૦૭.૨૦૧૯ ના રોજ પં.પૂ. સાધ્વી શ્રી મહોદયાશ્રીજી મા.સા. આદિ થાણા નો ચાતુરમાસ પ્રવેસ સાથે માતૃશ્રી જયવંતિબેન ખીમજી કરમશી લોડાયા અતિથીગૃહ નુ ઉદઘાટન. આજ રોજ સંપૂર્ણ દિવસ નો સાધાર્મીક ભકિતોનો લાભ શા. ખિમજી કરમશી લોડાયા પરીવારે લિધેલ છે.

- તા. ૦૫.૦૮.૨૦૧૯ અને તા. ૦૬.૦૮.૨૦૧૯ ને શ્રાવણ સુદ ૬ ના દિવસે શ્રી ચંદ્રપ્રભ સ્વામી જીનાલય નીવર્ષગાઠ નિમીતે ધ્વજા રોહણ અને બન્ને સંપૂર્ણ દિવસ ના સ્વામીવાત્સલ્ય નો લાભ માતૃશ્રી રાજબાઈ વેરશી કરમશી લોડાયા પરીવાર હ. પૂષ્પા ચંદ્રકાંત લોડાયા એ લિધેલ છે.

આ બન્ને પરીવારની સંઘ ભુરી ભુરી અનુમોદના કરે છે. અને આ બન્ને પ્રસંગે મોટી ખાવડી ગામ વાસીઓને બહોળી સંખ્યામા હાજર રહેવા આમંત્રણ આપિએ છીએ. તા. ૦૫.૦૮.૨૦૧૯ ના રોજ પ્રભુજીની પ્રતીમાઓ પર ૧૮ અભિષેક નુ આયોજન કરેલ છે. આ આયોજન છેલ્લા ઘણા વર્ષો થી શા. મહેંદ્ર માલશી લોડાયા નિઃસુલ્ક કરતા આવે છે. શ્રી સંઘ એમની ભુરી ભુરી અનુમોદના કરે છે.

**તા.ક.**

ચાતુરમાસ ની અરાધના કરવાની જે શ્રાવક/શ્રાવીકા ની ઈચ્છા હોય અને ફોર્મ ના ભર્યુ હોય તેઓએ સ્થાનિક **શ્રી પંકજભાઈ મો.: ૯૮૯૮૨૧૪૧૪૧** અને **શ્રી મહેંદ્રભાઈ મોઃ ૯૯૯૮૯૮૫૦૩૯** નો સંપર્ક સાંધવા વિનંતી જેથી કરી સગવડતામા અગવડતા ન પડે.

લી. જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ - મોટી ખાવડી

પ્રમુખ અને ટ્રસ્ટીગણ

## જખૌ તિર્થ પરિચય

**- કેસરસિંહ ખોના**

રત્નાકરના ખોળે ખુંદતું રત્ન સમું જખૌ ગામ. આજથી ૪૫૦ વર્ષ ''પૂર્વ'' જખૌમાં શ્રી શાંતિનાથજી ભગવાનનું ગૃહચૈત્ય હતું. સંવત ૧૯૦૫ પુર્વે પરમ પુજ્ય મુનિશ્રી રત્નસાગર સૂરીશ્વરજી મ.સા.ની શુભ પ્રેરણાથી શેઠશ્રી ભીમશી રતનશી લોડાયા અને શેઠશ્રી જીવરાજ રતનશી લોડાયા અને તેમના કુટુંબીજનોએ તીર્થને શોભે તેવું શીખરબધ્ધ જિનાલય બંધાવ્યુ, જેમાં મહાવીર સ્વામીની મૂળનાયક તરીકે પ્રાણ પ્રતિષ્ઠા કરાવી.



શેઠશ્રી ભીમજી રતનશી બાળપણથી વ્યાપાર ધંધામાં કુશળ હોવાથી અઢળક લક્ષ્મી એમને વરી ચૂકી હતી એમના જીવન સંગીની પૂજ્ય શેઠાણી પુંજાબાઇ પણ કુંશળ આદર્શ અને ધર્માનુરાગી ગૃહિણી હતા. દરેક સુખ સાહ્યબીમાં મહાલતા હોવા છતાં પણ તેમને એક વાતનું દુઃખ હતું કે અલ્પ સંતાન પ્રાપ્તી અને તે પણ અલ્પાયુષિ. જેથી એમનું મન ધર્માનુરાગમાં વધુ તે વધુ દઢ થયું. એવા સમયે પ.પૂ. આચાર્ય દેવશ્રી રત્નસાગર સૂરીશ્વરજી મ.સા.ની પ્રેરણાથી સવંત ૧૯૦૫ પૂર્વે જખૌ ગામમાં શીખરબધ્ધ જિનાલય બનાવવા નિર્ધાર કર્યો. જેમાં પૂજ્ય શેઠાણી શ્રી પુંજાબાઇએ સબળ સાથ પુરાવી શેઠશ્રીની મનોકામના પૂર્ણ થવાની અણી ઉપર આવતા પૂજ્ય શેઠશ્રીનું દુઃખદ અવસાન થયું. હવે શેઠાણીશ્રી વિધવા બન્યા તે સમયે શેઠશ્રીના ભાઇ શ્રી જીવરાજ રતનશીના સાથથી પુજ્ય શેઠાણી શ્રી પુંજાબાઇએ આ શીખરબધ્ધ જિનાલયનું બાંધકામ પોતાની જાત દેખરેખે પુર્ણ કરાવી સવંત ૧૯૦૫ના મહાસુદ ૫ ને બુધવારના રોજ પ્રભુ મહાવીર સ્વામીની પ્રતિમાજીની પ્રાણ પ્રતિષ્ઠા કરાવી.

વીસ વર્ષ બાદ પુજ્ય શેઠાણીશ્રીએ બીજા બે જિનાલયો (૧) શેઠશ્રી જીવરાજ રતનશી અને (૨) પોતાના પીયર પક્ષે શ્રી ભોજરાજ દેવશીના નામથી બંધાવી અનુક્રમે સુવિધીનાથજી અને આદિશ્વરજી (ચૌમુખજી)ની સંવત ૧૯૨૭ના મહાસુદ ૧૩ના દિને પ્રાણ પ્રતિષ્ઠા કરાવી.

ત્યારબાદ આ જિનાલયોની આસપાસ જગ્યાનો સુમેળ થતો ગયો ત્યારે અન્ય ભાગ્યશાળીઓએ અલગ અલગ જિનાલયો બંધાવ્યા.

આ જિનાલયો બંધાવનારાઓએ લાખો રૂપીયા ખરચીને ઓગણીસમી સદીની શિલ્પકળાનું રક્ષણ કર્યું છે. કચ્છના ધર્મપ્રેમી શ્રીમંતો પોતાની લક્ષ્મીનો ધર્મ કાર્યોમાં સદ્‌વ્યય કરવામાં કેટલા ઉદાર દિલ હતા. તેનું પ્રમાણ સમાન આ નયનરમ્ય દેવવિમાન સમાન નવ શીખરો વાળા જિનાલયોનું એક ગુચ્છ ''રત્નટુંક'' જૈન દેરાસરજીના નામથી જૈન આલમમાં પકાય છે.

આ રત્નટુંક તીર્થને અબડાસા તાલુકામાં રત્નસમી શીરોમણી બનાવાની શુભ વિચાર સરણી અને પોતાના પુજ્ય પિતાશ્રી રતનશી શેઠનું નામ રોશન રાખવા તેમજ તીર્થ નિર્માણના પ્રણેતા અને પ્રાણ પ્રતિષ્ઠા કરાવનાર પુજ્ય ગુરૂદેવ આચાર્યશ્રી રત્નસાગર સૂરીશ્વરજી મ.સા. આ ત્રણેનું નામ આ સાથે કાયમને માટે સંકળાઇ રહે તે હેતુથી ધર્મપ્રેમી, પિતૃપ્રેમી, ગુરૂપ્રેમી (૧) શેઠશ્રી ભીમજી રતનશી (૨) શેઠશ્રી જીવરાજ રતનશી (૩) પુજ્ય શેઠાણી પુંજાબાઇ આ ત્રણે ધર્માનુરાગી આત્માઓની શુભ ભાવનાથી આ તીર્થનું નામ 'રત્નટુંક' રાખવામાં આવ્યું છે. વિશાળ શીખરબધ્ધ તેમજ અનુપમ કોતરણીવાળા દશ જિનાલયો આ રત્નટુંકમાં આવેલા છે.

આ રત્નટુંક પાલીતાણાના નવટુંકના દૃષ્ય સ્વરૂપનું બનાવવામાં આવેલ હોતા જેમ પાલીતાણામાં મુળનાયક તરીકે દાદા શ્રી આદિશ્વરજી બિરાજમાન છે તેમની સામેજ તેમના પ્રથમ ગણધર શ્રી પુંડરીક સ્વામીજી નીંડેરી બનાવેલ છે તેવી રીતે રત્નટુંકના મુળનાયક શ્રી મહાવીર સ્વામી હોઇ. તેમના પ્રથમ ગણધર શ્રી ગૌતમ સ્વામીજીની સ્થાપના એમની સામેજ કરવામાં આવેલ છે. અને ગૌતમ સ્વામીની પ્રતિમા સિદ્ધ સ્વરૂપની સ્થાપિત કરવામાં આવેલ છે.

આ વિશાળ રત્નટુંક જૈન દેરાસરજી, જૈન મહાજન વાડી, પાંજરાપોળ, ધર્મશાળા, કુલવાડી તેમજ આ ટ્રસ્ટની આજીવીકા માટે સાધનો તૈયાર કરાવી પુજ્ય શેઠાણીશ્રી

પુંજાબાઈએ સંવત ૧૯૪૭ના પોષ વદ ૧૨ને ગુરૂવારના શ્રી જખૌ જૈન સંઘને (મહાજનને) અર્પણ કરેલ આ ટ્રસ્ટનો વહીવટ ''શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન જખૌ કરે છે.'' આ ટ્રસ્ટ સને ૧૯૬૪માં પબ્લીક ટ્રસ્ટ ધારા અનુસાર એ-૪૯૫ કચ્છ અનુક્રમ નંબરે ચેરીટી કમીશનરના દફતરે નોંધણી થયેલ છે.

મોટી સંખ્યામાં અબડાસા તાલુકાના જૈનો કચ્છી દશા ઓશવાલ જ્ઞાતિના છે. અને તેઓ સંપૂર્ણપણે મૂર્તિપૂજક છે અને અખિલ ભારત અચલગચ્છ (વિધિપક્ષ) શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘની સમાચારી પાળે છે.

## પ્રાચીન પરોણા પ્રસ્તર પ્રતિમાજી

૧) શ્રી અભિનંદન દેવ ૨) શ્રી વિમલનાથજી ૩) શ્રી વિમલનાથજી ૪) શ્રી મલ્લીનાથજી ૫) અભિનંદન દેવ ૬) શ્રી અજીતનાથજી ૭) અજીતનાથજી ૮) અને ૯) નામ ઉપલબ્ધ નથી. ૧૦) શ્રી શીતલનાથજી ૧૧) શ્રી સુવિધિનાથજી ૧૨) ચંદ્રપ્રભુજી ૧૩) ઓળખાતા નથી ૧૪) શ્રી પદમપ્રભુજી ૧૫) શ્રી શીતલનાથજી ૧૬) શ્રી સુમતિનાથજી ૧૭) શ્રી આદિનાથજી ૧૮) શ્રી મહાવીર સ્વામી ૧૯) શ્રી સંભવનાથજી ૨૦) શ્રી શાંતિનાથજી

નોંધ : પ્રથમ ૧થી ૭ ક્રમાંક સુધીના પ્રતિમાજી ૧૭×૨૧ની મહત્તમ સાઇઝમાં છે જ્યારે ક્રમાંક ૮ થી છેવટ સુધીની પ્રતિમાજી લઘુ આકારની છે. શ્રી મલ્લીનાથજીની પ્રતિમા આપવાની નથી.

તીર્થ વિકાસમાં મુખ્ય ફાળો આપનાર સુશ્રાવિકાજી ૧) પૂ. પૂંજામાં, ૨) ચંદ્રપ્રભુજીની ટૂંક બંધાવનાર રાણબાઇ જેઠા દેવન, ૩) જ્ઞાનશાળા ભવન હસ્તે દેવલી વીરપાર પાસુભાઇ ખોના, ૪) સાધુ-સાધ્વીજીના ઉતારા માટે ધર્મશાળા બંધાવી ગં.સ્વ. નાથીબાઇ જીવરાજ વિશનજી ૫) જૈન કન્યાશાળા ચલાવનાર કમલબાઇ કરમશી પાંચારીયા ૬) લક્ષ્મીબાઇ ખીમજી લધા પોતાની સર્વે મિલકત તીર્થને સોંપી ૭) આયંબીલ શાળા ગંગાબાઇ ઉર્ફે ધનબાઇ હીરજી ઉકેડા ૮) યાત્રીઓના ઉતારા માટે અતિથિગૃહ તરીકે પોતાનું રહેણાંક ગં.સ્વ.. મમાંબાઇ આણંદજી લખમશી ધરમશીએ અર્પણ કર્યું.

ઉપરોક્ત ઉપરાંત નોંધપાત્ર ફાળો આપવામાં ગં.સ્વ. બાંયાબાઇ ભવાનજી ઝવેરી (આયુર્વેદિક દવાખાનું) ગં.સ્વ. રતનબાઇ રતિલાલ કચરાભાઇ નાગડા (વારીગૃહ), અ.સૌ. મણિબાઇ લાલજી રતનશી મૈશેરી ભોજન શાળા માટે ફાળો આપ્યો. ઉપરાંત વેજબાઇ ખીમજી નેણશી, વેજબાઇ જવેરચંદ કુંવરજી શિયાડ, શ્રીમતી મધુરીબેન પ્રફુલ્લચંદ્ર ભવાનજી ઝવેરી, શ્રીમતી ભાનુમતિ ચંદ્રકાંત કરમશી હીરજી વિકમશી, પુનબાઇ નેણશી વસાયા, ભોજરાજ શિયાડ, શ્રીમતી ધનલક્ષ્મી કુલીનકાંત લાલજી મૈશેરી તથા ભાવનાબેન ખુશાલ લાલજી મૈશેરી તેમજ અનેક ગામવાસીઓએ વિવિધરૂપે સહાય અર્પણ કરી છે.

### જખૌ

હાલ જખૌની આપણી જ્ઞાતિની વસતી ૮૦૦ ઘરની છે. જેમાં સ્થાનિકે ગણ્યા ગાંઠ્યા પરિવાર રહે છે.

જખૌ ઐતિહાસિક બંદર છે અને અહીં જે મીઠું તૈયાર થાય છે તેની આખા વિશ્વમાં માંગ રહે છે. એશિયાની સહુથી ઊંચી દીવાદાંડી પણ અહીં જ છે.

ઇતિહાસ મુજબ કચ્છમાં જ્યારે જામ પુંઅરોનું રાજ હતું ત્યારે અહીં ઇરાન તરફથી ૭૨ જેટલા યવનો વહાણ માર્ગે ઉતરેલા. જેમણે પુંસરોના જુલમમાંથી પ્રજાને ઉગારેલા એટલે લોકો તેમને યક્ષ માની પૂજતા થયેલા. આજે નખત્રાણાના કકળભિટ્ટ ખાતે આ યક્ષો, જખનું સ્થાનક છે અને દર વરસે મેળો ભરાય છે. કચ્છ અબડાસાના પણ ઘણા ગામોમાં જખૌનું સ્થાનક જોવા મળે છે.

એક સમયે જખૌ પ્રવૃત્તિઓથી ધમધમતું બંદર હતું અને આફ્રિકા, ઇરાન, ખાડીના દેશો સાથે વ્યાપારનું મુખ્ય કેન્દ્ર હતું હવે મીઠાનું કેન્દ્ર છે. અને અબડાસાની મોટી પંચતીર્થી નલિયા, તેરા, કોઠારા, જખૌ અને સુથરીનું મધ્ય તિર્થ છે. પ્રસ્તુત તીર્થ માહિતી શેઠશ્રી શાંતિલાલ શિયાડ દ્વારા ઉપલબ્ધ કરવામાં આવેલી સામગ્રી આધારિત છે.

**– કેસરસિંહ ખોના**


## હાર્દિક અભિનંદન



**ચિ. આરતી મૈશેરી**

(જખૌ-અમરાવતી)

લાડલી **ચિ. આરતી મૈશેરી** એ H.S.C. (12th)ની પરીક્ષામાં **93.23%** માકર્સ પ્રાપ્ત કરી મણીબાઇ કૉલેજ અમરાવતી થી પ્રથમ આવી છે. ખૂબ ખૂબ અભિનંદન.

**પ્રગતિના ઉચ્ચ શિખર સર કરે એવા અમારા અંતરના આશિર્વાદ...**

શુભાશિષ દાદી-દાદા : **શ્રીમતી સપના જીવન મૈશેરી**



**રચયિતા: જયકાંત મોતા**

ઘાટકોપર (તેરા) ૯૮૧૯૬ ૨૮૩૮૨

## ધર્મ સંદેશ - ૧૪૦



**ઊભી ચાવીઓ -**

[૧] તન, મન અને ....... થી સેવા કરો (૨); [૨] ૧૦૮ પાર્શ્વનાથમાંના એક (૪); [૩] .... નાથ ૧૦મા તીર્થંકર (૩); [૪] આ આઠ પ્રકારના છે (૨); [૫] આદેશ્વરના પ્રથમ ગણધર (૬); [૭] આદીનાથની નિર્વાણ ભૂમિ (૪); [૧૦] ................ બોલવું એ પાપ છે (૨); [૧૧] અષ્ટપ્રકારી પૂજામાંની એક પૂજા (૩); [૧૪] શીતલનાથના માતા (૪); [૧૫] મલ્લીનાથનું જન્મ સ્થળ (૩); [૧૮] કચ્છની નાની પંચતીથીનું ગામ (૨); [૧૯] સાધુ ભગવંતોના પાંચ મહાવ્રતમાંનુ એક (૫); [૨૨] રાજા કુમારપાળનું નામ આ સ્તુતીમાં આવે (૩); [૨૩] વાસુપુજ્યના પાંચ કલ્યાણક અહીં થયા છે (૪); [૨૫] પ્રદક્ષિણા આપવા આ કરાય (૩); [૨૬] પ્રતિક્રમણ કરવા ........ જરૂરી (૩); [૨૭] ....... જીવોની જયણા પાડો (૩).

**આડી ચાવીઓ -**

[૧] બાબુનું દેરાસરનું બીજું નામ (૩); [૫] રસોડાની જયણા માટે વપરાય (૩); [૬] શત્રુંજય ઉપર આવેલ .......... ટુંકો (૨); [૮] ધર્મનું .......... મોક્ષ છે (૨); [૯] ....... નો મોહ ઓછો કરો (૩); [૧૦] અમુક જિનાલયમાં ભગવાનનું પૂજા કર્યા પછી .... ચડાવવામાં આવે છે. (૨); [૧૨] આ કરી કર્મોની નિર્જરા કરો (૨); [૧૩] જેમનું લાંછન વાનર છે (૭); [૧૬] જગડુશા એ ....... નો મહિમા વધાર્યો (૨); [૧૭] નમીનાથનું જન્મ સ્થળ (૩); [૧૯] ગુજરાતનું પાર્શ્વનાથનું તીર્થ (૪); [૨૦] ચંદ્રપ્રભુનું કચ્છનું જિનાલય (૨); [૨૧] માસખમણ ............. એ ત્રીસ દિવસનું હોય છે (૨); [૨૪] આદીનાથ (૩); [૨૬] જિનાલયના બાંધકામમાં આનો ઉપયોગ વધુ પડતો થાય (૩); [૨૮] ૧૦૮ માંના એક પાર્શ્વનાથ (૨); [૨૯] ઘણાજણા ............ તપસ્યા કરે (૨); [૩૦] સ્થાનકવાસી સંપ્રદાયના સાધ્વીજી (૫); [૩૧] સાધુ ભગવંતોના .......... સફેદ રંગના હોય (૨).

**(ઉકેલ અન્યત્ર)**

## કચ્છી કસબ - ૧૪૦



**ઊભી ચાવીઓ -**

[૧] હાથની ફાવટ (Skill of hand) (૪); [૨] ઉતાવડ (Make haste) (૪); [૩] મોટા (Old in age) (૨); [૪] કલગી (fassel) (૨); [૫] સારી (Nice) (૨); [૭] બોલવામાં સામેવાળાનું માન ન જાળવવું (Speak unrespected langauge with others) (૪); [૮] સાફસૂફી (Cleaning) (૪); [૧૦] ખંડેર (Ruins) (૩); [૧૨] વેતરું (Labourous job) (૨); [૧૩] ઝાળુ (Sweep) (૩); [૧૪] ગંદકી (Dirt) (૪); [૧૫] સારા (Nice) (૨); [૧૮] તારું (Yours) (૨); [૧૯] મુઠીયા (Kind of food variety) (૩); [૨૧] દરિયો (Ocean) (૩); [૨૨] જે તે (Anything) (૪); [૨૨અ] લગ્ન મંડપ (place where marriage takes place) (૨); [૨૪] ગરણી (Sieve) (૨); [૨૬] સપડાઈ જવું (Caught) (૨); [૨૮] ગાંડાઓ (Mad people) (૨).

**આડી ચાવીઓ -**

[૧] સામસામે આપવું (Hand delivery) (૪); [૩] ફરીથી (Again) (૪); [૫] જોડા (Footwear) (૩); [૬] સરખામણી (Comparison) (૪); [૮] વરસાદના છાંટા (Rain drops) (૨); [૯] મસ્તી (Teasing) (૩); [૧૧] ઊંટ (Camel) (૨); [૧૩] ઘણુંબધું (Many) (૨); [૧૫] મોરી (Place made for removing waste water) (૨); [૧૬] વાંક (Fault) (૨); [૧૭] બળદ (Bullock) (૨); [૧૮] મિજાજી પુરૂષ (Moody person) (૩); [૨૦] લાભ (Benefit) (૨); [૨૨] ઘણુંબધું (Too many) (૨); [૨૨અ] લગ્નનો મંડપ (Place of marriage rituals) (૨); [૨૩] સરકાવવું (To pass it) (૨); [૨૪] ભમરડો (Top) (૩); [૨૫] સુતેલો (Sleeped) (૩); [૨૬] એક જાતનું પાણીનું ગુમડુ કરતું જીવડું (One kind of insect) (૩); [૨૭] અક્કલ વગરનો પુરૂષ (Foolish man) (૪)

**(ઉકેલ અન્યત્ર)**

## શ્રી વીરજી લધાભાઈ કે.ડી.ઓ. જૈન વિદ્યાર્થીગૃહ - ઘાટકોપર
## શ્રી ભવાનજી અરજણ ખીમજી એજ્યુકેશનલ કેમ્પસ

# એચ.એસ.સી.માં ઉત્તીર્ણ થયેલા વિદ્યાર્થીઓને અભિનંદન

**છેલ્લા ૧૦ વર્ષથી વિદ્યાર્થીગૃહનું એચ.એસ.સી.નું પરિણામ ૧૦૦ ટકા આવતું રહ્યું છે.**

**શૈક્ષણિક વર્ષ ૨૦૧૮-૨૦૧૯ના એચ.એસ.સી.માં દરેક વિદ્યાર્થીઓ ઉત્તીર્ણ થતા વિદ્યાર્થીગૃહનું પરિણામ ૧૦૦ ટકા આવેલ છે.**

## ધોરણ-૧૨ : એચ.એસ.સી. - કોમર્સ



**ગૌતમ સતીશ લોડાયા**
**83%** (વારાપધર-વડગરાં)



**હર્ષ અશોક લોડાયા**
**83%** (દલતુંગી-ડોંબીવલી)



**વંદન અશોક ધરમશી**
**82%** (નલીયા-અંબડ)



**શ્રુત પરેશ દંડ**
**80%** (બાયઠ-આદિપુર)



**ઉજ્જવલ પિયુષ લોડાયા**
**68%**
(સાંયરા-નાલાસોપારા)



**પૂર્વેશ હરીશ લોડાયા**
**67%**
(મોટી સિંધોડી-રાયપુર)



**મોહિત અનીલ લાપસીયા**
**56%**
(દલતુંગી-ભાંડુપ)



**ગૌતમ ઉતીન લોડાયા**
**56%**
(વંડી-કોચીન)



**દર્શન રાજેશ જીવાની**
**44%**
(જખૌ-ભુજ)

## આર્ટસ



**હૃદય નરેશ લોડાયા**
**79%** (મોટી ખાવડી-ભાંડુપ)



**હિરેન હિતેશ મોમાયા**
**67%** (સાંયરા-ગાંધીધામ)

## સાયન્સ



**વૈભવ અભય મોમાયા**
**70%** (નલીયા-અંજાર)



**તીર્થ મહેન્દ્ર લોડાયા**
**60%** (મો.ખાવડી-મો.ખાવડી)

**ઉત્તીર્ણ થયેલા દરેક વિદ્યાર્થીઓને તેમની સફળતા બદલ ટ્રસ્ટીઓ, અધિકારીઓ, સ્ટાફ થતા વિદ્યાર્થીઓના ખૂબ ખૂબ અભિનંદન**

# શ્રીમતી લક્ષ્મીબાઈ વીરજી લધાભાઈ ક.દ.ઓ. જૈન કન્યા છાત્રાલય

## એચ.એસ.સી.માં ઉત્તીર્ણ થયેલી વિદ્યાર્થીનીઓને અભિનંદન

**છેલ્લા ૧૦ વર્ષથી કન્યાછાત્રાલયનું એચ.એસ.સી.નું પરિણામ ૧૦૦ ટકા આવતું રહ્યું છે.**

**શૈક્ષણિક વર્ષ ૨૦૧૮-૨૦૧૯ના એચ.એસ.સી.માં દરેક વિદ્યાર્થીનીઓ ઉત્તીર્ણ થતા કન્યાછાત્રાલયનું પરિણામ ૧૦૦ ટકા આવેલ છે.**

## ધોરણ-૧૨ : એચ.એસ.સી. - કોમર્સ



**ખુશ્બુ અરૂણ ડાઘા**
**78%**
(વરાડીયા-મલકાપુર)



**ઈશા હર્ષદ લોડાયા**
**76%**
(મોટી ખાવડી-મોટી ખાવડી)



**ભૂમિકા રાજેશ મોતા**
**74%**
(નલીયા-અંબરનાથ)



**ચાર્મી ધનપતિ રતાની**
**73%**
(તેરા-ચાલીસગાવ)



**ડિમ્પલ રમેશ નાગડા**
**70%**
(ગોએરસમા-મુલુંડ)

**ઉત્તીર્ણ થયેલ દરેક વિદ્યાર્થીનીઓને તેમની સફળતા બદલ ટ્રસ્ટીઓ, અધિકારીઓ, સ્ટાફ થતા વિદ્યાર્થીનીઓના ખૂબ ખૂબ અભિનંદન**

।। શ્રી અનંતનાથાય નમઃ ।।

# કેડીઓ ક્લાસિક ફાઉન્ડેશન KDO CLASSIC FOUNDATION

Trust Reg. No.: 32088 (Mumbai)

**ADMINISTRATIVE OFFICE :** C/O. DOSTI REALTY LTD., LAWRENCE & MAYO HOUSE, 276, D. N. ROAD, FORT, MUMBAI - 400 001. PHONE : 2219 8500 FAX : 2205 5566 E-MAIL : kdoclassic.foundation@gmail.com

## કિડની (KIDNEY) કેમ્પ

કેડીઓ ક્લાસિક ફાઉન્ડેશન ક.દ.ઓ જ્ઞાતિજનો માટે પ્રથમ કિડની કેમ્પ **રવિવાર, તા ૨૦મી જુલાઈ, ૨૦૧૯ના રોજ પરખ હોસ્પીટલ એન્ડ રીસર્ચ સેન્ટર, જેઠાભાઈ લેન, રેલ્વે સ્ટેશન નજીક, ઘાટકોપર (પૂર્વ), મુંબઈ** માં (ફોન : **6782 7000**) આયોજન કરેલ છે. જેમાં કિડનીના નિષ્ણાંત ડોક્ટર (Nephrologist) **શ્રી નરેન્દ્રભાઈ દેઢીયા** તપાસણી કરી આપને સલાહ આપશે. આપને અહીં નીચે દર્શાવેલ તકલીફમાંથી કોઈ પણ તકલીફ હોય તો આ કિડની કેમ્પનો જરૂરથી લાભ લેવા ભલામણ છે.

**૧. જો આપને ડાયાબીટીસ હોય તો**
**૨. જો આપને બ્લડ પ્રેસરની બિમારી હોય તો**
**૩. જો પેશાબ કરતી વખતે ફેશ આવે તો**
**૪. જો પેશાબમાં લોહી યા ઘેરા રંગ આવતું હોય તો**
**૫. જો પેશાબ કરતી વખતે બળતરા થતી હોય તો**
**૬. જો મોઢા પર સોજો આવતો હોય તો**
**૭. જો આપના કુટુંબમાં કોઈને કીડનીની બિમારી હોય તો**
**૮. જો પેટ યા કમરમાં દુઃખાવો થતો હોય તો**
**૯. જો પથરીની બિમારી હોય તો**
**૧૦. જો રાતના પેશાબ કરવા ઉઠવું પડતું હોય તો**
**૧૧. જો પેશાબ ઓછો થઈ જાય અને શરીર પર સોજો આવતો હોય તો**

કિડની કેમ્પ માટે જ્ઞાતિજને અગાઉથી નામ નોંધાવવું આવશ્યક છે. આપ આપનું પુરૂં નામ, પુરૂં સરનામું અને આપનો મોબાઈલ નંબર E-Mail યા WhatsAppથી નીચે આપેલ અમારા સભાસદોને નોંધાવી આપશોજી.

| | | |
|---|---|---|
| **શ્રી મણિકાંત હીરજી ધુલ્લા** | **MOBILE : 98201 41919** | **E-MAIL : kashmira@pratapxlnc.com** |
| **શ્રીમતી તેજલબેન રાજેશ શાહ** | **MOBILE : 98209 53425** | **E-MAIL : tejal@dostirealty.com** |

।। શ્રી ઘૃતકલ્લોલ પાર્શ્વનાથ નમઃ ।।

।। શ્રી ગણેશાય નમઃ ।। 卐 ।। શ્રી ક્ષેત્રપાલ દાદાય નમઃ ।।

# શ્રી અંબેમાં ખોના પરિવાર – સુથરી મહાતીર્થ

સુથરીમાં **શ્રી રાજેન્દ્ર મણીલાલ ખોના**ના ઘરે બીરાજમાન ખોના ગોત્રના કુળદેવી **શ્રી અંબેમાં ની સમુહ પહેડી (જુહાર)** તથા **નુતન મંદિરની સ્થાપનાની ૧૦ (દસમી) વર્ષગાંઠ ઉજવણી** તેમજ આપણા કુળદેવી અંબેમાતાનાં ભુઈમાંની ગંધી બદલવાની વિધિ કારતકી તેરસથી પૂનમ, **તા. ૧૦-૧૧-૨૦૧૯ થી તા. ૧૨-૧૧-૨૦૧૯** સુથરી મધ્યે રાખવામાં આવેલ છે.

આ પ્રસંગે પરિવારના જેના પણ લગ્નના, નામકરણના તેથા છેડા છેડીના જુહાર બાકી હોય તે થઇ શકશે. પૂનમના પરિવાર દ્વારા માતાજીની પહેડી રહેશે તેમજ આપણા કુળદેવી અંબેમાતાનાં ભુઇમાંની ગંધી બદલવાનો કાર્યક્રમ પણ પૂનમના રોજ થશે.

**આ પ્રસંગે ખોના પરિવારના સર્વ ભાવિકો તથા નિયાણી બહેનોને સહકુટુંબ પધારવા ભાવભર્યું આમંત્રણ છે.**

રેલ્વેની ટીકીટ બુકીંગ પોતાની રીતે કરાવી લેવા વિનંતી છે અથવા અમોને સંપર્ક કરવા વિનંતી છે.

આપના આગમનની જાણ અગાઉથી કરશો જેથી વ્યવસ્થા સાચવવામાં સુગમતા રહે.

**તા.ક.:** દરેક કુટુંબીજનોને આ આમંત્રણ રૂબરૂ મળ્યા તુલ્ય સમજી સહકુટુંબ પધારવા વિનંતી છે.

નિમંત્રક : **શ્રી અંબેમાં ખોના પરિવારના જય માતાજી**

**સંપર્ક**

| | | | |
|---|---|---|---|
| **રાજેન્દ્ર મણીલાલ ખોના** | **- 98203 02853** | **ભરત મુલજી ખોના** | **- 98200 78058** |
| **લહેરચંદ કુંવરજી ખોના** | **- 82002 68038** | **અશ્વિન મણીલાલ ખોના** | **- 98331 20585** |
| **સમીર કુંવરજી ખોના** | **- 84336 99366** | **દિલીપ મણીલાલ ખોના** | **- 97020 34307** |

**વીપીન શામજી ખોના - 98673 02873**

## પાસ થયા અભિનંદન

**નોંધ :** જ્ઞાતિના S.S.C. કે તેથી ઉચ્ચ પરીક્ષામાં પાસ થનાર સૌના પરિણામ અને ફોટા આ કૉલમમાં બ્લૅક ઍન્ડ વ્હાઈટમાં વિના મૂલ્યે છપાય છે.





**મિલિંદ અભય પોલડીયા**
બાયઠ - બડગરા
H.S.C. **87%**



**જાસ્મીન મનોજ ધુલ્લા**
સુથરી - વાપી
H.S.C. **92%**



**આરતી મૈશેરી**
(જખૌ-અમરાવતી)
H.S.C. **93.23%**





**લબ્ધી શૈલેશ લોડાયા**
કોચીન
S.S.C. **EHS**



**દિયા તારક શાહ**
બાયઠ-ઘાટકોપર
S.S.C. **97.80%**



**જતીન સતીષ લોડાયા**
વારાપધર-બડગરા
S.S.C. (CBSE) **73%**



**હ્રીતીકા ચીંતેશ ખોના**
(કાયાણી) જખૌ-નાહુર
S.S.C. **87.4%**



**રોનક વિનીત ધરમશી**
કોઠારા - ડોંબીવલી
S.S.C. **80.60%**



**સાક્ષી હીતેશ શાહ**
ભાંડુપ
S.S.C. **78%**



**દેશના લવકુમાર શાહ**
નલીયા-વસઈ
S.S.C. **73.40%**



**જૈનમ યોગેશ છેડા**
સુજાપર-મુલુંડ
S.S.C. **82.60%**



**મહેક જીતેશ મોતા**
રાપર ગઢવારી-મુલુંડ
S.S.C.(CBSE) **90.6%**



**સાનિયા કિરીટ મૈશેરી**
રાપર ગઢવારી
S.S.C. **90.65%**

### જાહેરાતો મોકલવા માટે સંપર્ક

મુકેશ લોડાયા - **022-2508 4463 / 64 / 65** મોબાઈલ **98211 54326** (સવારે ૧૧ થી સાંજે ૭)


રીયલ હેન્ડ એમ્બ્રોઈડરી, રીઅલ જરી,
ચોકબંધ ઘરચોળા, ડિઝાઈનર સાડી, પ્યોર સિલ્ક સાડી
તેમજ એક્સક્લુઝીવ ડ્રેસ માટે
Since 1982...
**Lagna Deep**

બી-૧૩, જલારામ આશિષ દેવીદયાલ રોડ,
મુલુન્ડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦.
ફોન : ૨૫૬૮૦૮૦૭ (૦૨૨)
Mob.: 7666688881 / 7666622229


**કચ્છ વારાપધર મુકામે બિરાજમાન**
**કુળદેવી શ્રી સચ્ચાઈ માતાજીના લોડાયા ગોત્રના ભાવિકો જોગ,**

સહર્ષ જણાવવાનું જે શ્રી વારાપધર સ્થાનકે બિરાજમાન લોડાયા ગોત્રના કુળદેવી શ્રી સચ્ચાઈ માતાજીના ભૂઈજીની ગંધી બદલવાની ઉજવણીનો મંગલમય કાર્યક્રમ નીચે પ્રમાણે નિર્ધારીત થયેલ છે.

૧. પૂ. સચ્ચાઈ મા ના ભજન /કિર્તન /આરતી કારતક સુદ ચૌદસ સોમવાર તા. ૧૧/૧૧/૨૦૧૯ રાત્રે ૮ કલાકે.

૨. પૂ. સચ્ચાઈ મા ની પહેડી કારતક સુદ પૂનમ મંગલવાર તા. ૧૨/૧૧/૨૦૧૯ સવારે ૯.૦૦ કલાકે.

૩. પૂ. ભૂઈજીની ગંધી બદલવાનું કારતક સુદ પૂનમ મંગલવાર તા.૧૨/૧૧/૨૦૧૯ સવારના ૯.૩૦ કલાકે. ત્યારબાદ પહેડી પ્રસાદ રહેશે. આ કાર્યક્રમમાં બહોળી સંખ્યામાં હાજરી આપવા સર્વે ભાવિકોને પોતાની રીતે ટિકીટની વ્યવસ્થા કરી વારાપધર પધારવા ભાવભર્યું આમંત્રણ છે.

લી. :કુળદેવી શ્રી સચ્ચાઈ મા ભાવિક મંડળ/ભૂઈમા સૌ. કુસુમ ચાંપશી લોડાયા (મો. :૦૯૯૭૯૦૨૬૫૧૧) ના જય માતાજી.

॥ શ્રી અનંતનાથાય નમઃ ॥

# શેઠશ્રી નરશી નાથા મેડીકલ ટ્રસ્ટ

## શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઇ સંચાલિત

જય જિનેન્દ્ર સાથે જ્ઞાતિજનોને જણાવવાનું કે વર્ષ ૨૦૧૮ પૂર્ણ થયું અને ૨૦૧૯નો એપ્રીલ મહિનો આવ્યો.

(૧) વર્ષ ૨૦૧૮-૨૦૧૯ સુધી જેમની પોલીસીઓ રૂા. ૧ લાખની હતી તે એપ્રીલ મહીનાથી શેઠ શ્રી નરશી નાથા મેડીકલ ટ્રસ્ટની કમિટીએ રાહતદરમાં રૂા. ૨ લાખ સુધીની રકમમાં રીન્યુઅલ કરી શકાશે જે મીટીંગમાં નક્કી કરેલ. જેમાં રૂા. ૨ લાખની પોલીસીનું પ્રીમીયમ કુલ રૂા. ૫૩૧૦/-માંથી ૬૦% રકમ (રૂા.૩૧૮૬/-) શેઠ શ્રી નરશી નાથા મેડીકલ ટ્રસ્ટ દ્વારા ભરાશે અને ૪૦% રકમ (રૂા. ૨૧૨૪/-) પ્રીમીયમ પોલીસી હોલ્ડરે ભરવી પડશે તો આ સ્કીમમાં જેમને લાભ લેવો હોય તે જરૂરિયાત મંદ જ્ઞાતીજનો જેઓ અગાઉ માત્ર રૂા. ૧ લાખની પોલીસી રાહતદરમાં રીન્યુઅલ કરાવતા હતા તેઓ જ આ વર્ષમાં રૂા. ૨ લાખની પોલીસી રીન્યુઅલ કરાવી શકશે જે રૂા. ૧ લાખના રાહતદરમાં લાલ ફોર્મમાં સંપુર્ણ જરૂરી વિગત ભરીને રેગ્યુલર રીન્યુઅલ કરાવી શકાશે. (જેમાં વ્યવસ્થાપક સમિતિના સભ્યની સહી અને આવકનું પ્રમાણપત્ર-સેલેરી સર્ટિફિકેટ (ધંધો-ઇન્કમટેક્ષ રીટર્નની કોપી, છુટક નોકરી-પરચુરણ-ફેરિયાનું કામકાજ અલગ કાગળમાં વર્ણન)માં દર્શાવવાની રહેશે. અગાઉ જે પોલીસીઓ રૂા. ૧ લાખની હતી તેને રૂા. ૨ લાખની રકમ મર્યાદા વધારવાનું કારણ વધતી જતી મોંઘવારી અને હૉસ્પિટલના - દવાઓના બીલની રકમ વધી ગઇ હોવાથી આ નિર્ણય લેવામાં આવેલ છે.

૨) શેઠ શ્રી નરશી નાથા મેડીકલ ટ્રસ્ટને દિવસે દિવસ વધતા જતા પોલીસીના પ્રીમીયમ દરને કારણે ફંડની જરૂરીયાત ઊભી થઇ છે તો જ્ઞાતિના શ્રેષ્ઠીવર્યોને નમ્ર વિનંતી છે કે તેમના પોતાના કે કુટુંબના સભ્યોના જન્મદિન નિમિતે/લગ્ન પ્રસંગે/તેની વર્ષગાંઠ નિમિત્તે તથા અન્ય શુભ પ્રસંગે શેઠ શ્રી નરશી નાથા મેડીકલ ટ્રસ્ટને ખુશાલીરૂપે અનુદાન-ડોનેશન આપી ટ્રસ્ટને જ્ઞાતિજનો માટે માતબર બનાવવા સહાયરૂપ થાઓ. જેથી જો ફંડ પુરતું હોય તો મેડીકલ ટ્રસ્ટને આવનારા સમયમાં મેડીકલ પોલીસીના પ્રીમીયમમાં ખૂટતી રકમ, (વૈદ્યકીય સહાયતા) માટે ફંડની જરૂરીયાત ઊભી થશે તથા અન્ય પ્રવૃત્તિઓમાં મેડીકલ કેમ્પસ માટે ફંડની જરૂરીયાત લાગવાની છે. તમારા તરફથી આવેલ અનુદાન-ડોનેશન દ્વારા આપણા જરૂરીયાતમંદ જ્ઞાતિજનોને વૈદ્યકીય સહાયતા તથા પોલીસીના પ્રીમીયમમાં લાભ મળશે.

૩) શેઠશ્રી નરશી નાથા મેડીકલ ટ્રસ્ટ દ્વારા સંચાલિત મુલુંડમાં સ્થાપેલ અનંત પેથોલોજી લેબની રજી વર્ષગાંઠ નિમિત્તે ફરીથી કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે. જે તારીખ ૧૪ જુલાઇ થી ૨૧ જુલાઇ સુધી ૧ અઠવાડિયા માટે કેમ્પ રાખવામાં આવેલ છે. કેમ્પમાં EYE-CATRACT ને માટે ડૉ. ખુશાલ શાહ, ડેન્ટલને માટે ડૉ. હિતેન શાહ, ENT. માટે ડૉ. ડી.ડી. ખોના સાથે કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં કે.ડી.ઓ. જ્ઞાતિજનોને કે અન્ય જ્ઞાતિજનો ૨૦% કન્સેશનમાં ટેસ્ટીંગ કરાવી શકાશે. તથા (અ) ભાંડુપમાં લેબ સેમ્પલ કલેક્શન સેંટર અને (બ) ડોંબિવલીમાં લેબ સેમ્પલ કલેક્શન સેંટર સ્થાપવા બાબત પણ વિચારણા થઇ છે જે નક્કી થયાથી ટૂંક સમયમાં જાહેરાત આવશે. તથા જ્યારથી અનંત પેથોલોજી લેબની શરૂઆત થઇ છે ત્યારથી જ સર્વ ધર્મોના ગુરૂભગવંતોને ફ્રી માં (નિઃશુલ્ક) ટેસ્ટીંગ કરી આપવામાં આવે છે.

૪) મેડીકલ પોલીસીઓના રીન્યુઅલ બાબતે પોલીસી હોલ્ડરને જે SMS અમે મોકલાવ્યો હોય તેમાં તેની પોલીસીની DUE DATE થી ૧૫ દિવસ પહેલા પોલીસી રીન્યુઅલ માટે જોઇતા જરૂરી ડોક્યુમેન્ટ / પ્રીમીયમનું પેમેન્ટ તથા મુંબઇ મહાજનના લાગા વગેરેની કાર્યવાહી પૂર્ણ કરવાની રહેશે, જો સમયસર વિગતો આપવામાં નહીં આવે તો તેની જવાબદારી શેઠ શ્રી નરશી નાથા મેડીકલ ટ્રસ્ટની રહેશે નહીં તે બાબત પોલીસી હોલ્ડરે ધ્યાનમાં રાખવી.

૫) પોલીસી હોલ્ડરે જાતે આવીને શેઠ શ્રી નરશી નાથા મેડીકલ ટ્રસ્ટની ઓફીસમાં મેડીકલ પોલીસીની રીન્યુઅલ તથા મુંબઇ મહાજનના લાગા વગેરેની કાર્યવાહી પૂર્ણ કરવાની રહેશે, બીજા કોઇ વ્યક્તિઓએ પર મદાર રાખવો નહીં અથવા મુંબઇ મહાજનના કે મેડીકલ ટ્રસ્ટના કર્મચારીઓ પર તે બાબત/કામ કરી આપવા આગ્રહ કરવો નહીં. રીન્યુઅલ થઇને આવેલ મેડીકલ પોલીસીઓ પોલીસી હોલ્ડરે (૨) બે મહીનાના સમયાંતરે જાતે આવીને શેઠ શ્રી નરશી નાથા મેડીકલ ટ્રસ્ટની ઓફીસમાંથી નિયમ અનુસાર લઇ જવી. મુંબઇ મહાજનના કે મેડીકલ ટ્રસ્ટના કર્મચારીઓને તે પોલીસીઓ પોલીસી હોલ્ડરે તેમના ઘરમાં કે ઓફીસમાં પહોંચાડવા આગ્રહ કરવો નહિં.

૬) પોલીસી હોલ્ડરે તેમના ઘરમાં મેડીકલ પોલીસીઓ કાળજી પૂર્વક વ્યવસ્થિતપણે એક સાદી ફાઇલમાં પ્રીમીયમના પેમેન્ટની રસીદો તથા મુંબઇ મહાજનના લાગાની રસીદો વગેરેની સાથે મેડીક્લેમ ફોર્મ, મેડીક્લેમ કાર્ડની સાથે આવેલ હોસ્પિટલના નામોની ગાઇડબુક, ઇન્ડિયન-પીએનબી-બેન્ક પાસબુકો, રાખવી. ઘર બદલતી વખતે બીજા સામાનની સાથે ઉપરોક્ત મેડીકલ પોલીસીઓની ફાઇલ બીજા ઘર સામાનની જેમ કાળજીપૂર્વક રાખવી. તથા વૈદ્યકીય સહાયતા માટેના નિયમ નીચે પેરા નંબર (૭)માં દર્શાવેલ મુજબ રહેશે.

૭) જે કોઇ જ્ઞાતિજનોએ શ્રી અનંતનાથ ટ્રસ્ટમાંથી વૈદ્યકીય સહાયતા લીધેલ હશે તેઓ શેઠ શ્રી નરશી નાથા મેડીકલ ટ્રસ્ટમાંથી વૈદ્યકીય સહાયતા મેળવી શકશે નહિ. બન્ને ટ્રસ્ટમાંથી કોઇ પણ એકજ ટ્રસ્ટમાંથી સહાયતા મળી શકશે તેથી વૈદ્યકીય સહાયતા લેનારે એ બાબત ખાસ ધ્યાનમાં રાખવી.

**એજ લિ. શેઠશ્રી નરશી નાથા મેડીકલ ટ્રસ્ટના ટ્રસ્ટીઓ અને સર્વે અધિકારીઓ**

## પ્રકાશ સમીક્ષાના પ્રતિનીધીઓ

**મહેશભાઇ જવેરચંદ લોડાયા** - વારાપધર, ગાંધીધામ
મો. **99043 53381 / 79908 23606**

**શશીકાંત કુલિનકાંત લોડાયા** - કોચીન
મો. **93874 41909 / 88938 41909**

**હેમાંગ શાહ** - મુલુંડ (વેસ્ટ), મુંબઇ
મો.: **09920646846**

**ગુલાબચંદ હિરજી છેડા** - જશાપર-સૂરત
મો.: **099985 56567**

---

### સંજના ધુલ્લાની અનેરી સિધ્ધિ



મુંબઇની કે.જે. સૌમૈયા કૉલેજ ઑફ એન્જીનીયરીંગમાં અભ્યાસ કરતી સંજના ધુલ્લાએ ફોર્મ્યુલા રેસિંગ કારની બરોબરીની 'ફોર્મ્યુલા ભારત' નામની કોઇમ્બતુર ખાતે આયોજીત રાષ્ટ્રીય આંતર કૉલેજ સ્પર્ધામાં ૧૦૦ રેસિંગ કાર ડ્રાઈવર્સમાં એક માત્ર મહિલા હતી અને તેના એક્સલરેશન વિભાગમાં ત્રીજા નંબરે આવી છે તે બદલ અભિનંદન.

જુલાઇ મહિનામાં સંજના હંગેરી ખાતે અન્ય રેસિંગ સ્પર્ધામાં ભાગ લેવા જશે એ માટે ખૂબ ખૂબ શુભેચ્છાઓ.

## શ્રી કોઠારા પાંજરાપોળ કોઠારા

**રજીસ્ટર ઑફિસ :**
કોઠારા કચ્છ, તા. અબડાસા,
પીનકોડ - ૩૭૦ ૬૪૫.
ફોન : ૦૨૮૩૧-૨૮૨૨૩૫

**શ્રી કચ્છી દશા ઓસવાલ મહાજન કોઠારા**
**સંચાલિત**
**શ્રી કોઠારા પાંજરાપોળ કોઠારા**

**મુંબઈ ઑફિસ :**
મે. કે. એન અજાણી, ૧૩૭,
અબ્દુલ રહેમાન સ્ટ્રીટ, મુંબઈ-૦૩.
ફોન : ૦૨૨-૨૩૪૦૦૨૫૧ (4 to 6)

**શ્રી કોઠારા પાંજરાપોળને એપ્રિલ ૨૦૧૯માં આવેલ જીવદયા ફંડમાં દાનની યાદી "અનુમોદના"**

| રૂપિયા | દાતાઓના નામ |
|---|---|
| ૨૫,૦૦૦ | શ્રીમદ રાજચંદ્ર આશ્રમ સમિતિ, ભુજ |
| ૧૧,૦૦૦ | માતુશ્રી રતનબાઇ ચેરીટી ટ્રસ્ટ, મુંબઇ |
| ૧૧,૦૦૦ | શ્રી નિલેશ દામજી લોડાયા, નવી મુંબઇ-વાશી |
| ૧૦,૦૦૦ | શ્રી ટોકરશી શામજી કલ્યાણજી લોડાયા, કોઠારા |
| ૬,૨૦૦ | શ્રી પાવડા પરિવારનાં ભાવિકો માતાજી દાનપેટી, કોઠારા |
| ૫,૧૦૦ | શ્રી કિશનજી હરિયાણા સ્ટેટ, સરખી દાહરી |
| ૫,૧૦૦ | શ્રી રાજ કોટન હરિયાણા સ્ટેટ, સરખી દાહરી |
| ૫,૧૦૦ | શ્રી હર મોહન ટ્રેડર્સ, બડોપન-હરીયાણા |
| ૫,૧૦૦ | શ્રી દુર્ગા જીનીંગ ફેક્ટરી, બડોપન-હરિયાણા |
| ૫,૧૦૦ | શ્રી નરેશ કુમાર શર્મા, ભીવાણી-હરિયાણા |
| ૫,૧૦૦ | શ્રી દિપક કોટન મિલ્સ, આદમપુર-હરિયાણા |
| ૫,૧૦૦ | શ્રી કમલ એગ્રો ઈન્ડસ્ટ્રીઝ, આદમપુર-હરિયાણા |
| ૫,૧૦૦ | શ્રી જયદા ઑઈલ એન્ડ જીનીંગ મીલ, આદમપુર-હરિયાણા |
| ૫,૧૦૦ | શ્રી અનિલ કોટન એન્ડ જીનીંગ મીલ, આદમપુર-હરિયાણા |
| ૫,૧૦૦ | શ્રી યશ એગ્રો ઈન્ડસ્ટ્રીઝ, આદમપુર-હરિયાણા |
| ૫,૦૦૦ | શ્રી પા ટકો લાગા ફંડ, મુંબઈ |
| ૫,૦૦૦ | શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન શ્રાવક સંઘ, માટુંગા |
| ૫,૦૦૦ | શ્રીમતિ નલીનીબેન પોપટલાલ પ્રેમજી શાહ, મુલુંડ |
| ૫,૦૦૦ | શ્રીમતિ સુંદરબેન કાનજી ખેતશી નાગડા, નરેડી |
| ૫,૦૦૦ | શ્રી વૃજલાલ મુલજી શાહ, અંધેરી |
| ૩,૦૦૦ | શ્રી આદર્શ સદ્ગૃહસ્થ |
| ૩,૦૦૦ | માતુશ્રી મોઘીબેન વાલજી ગેલા છેડા, વલસાડ |
| ૨,૧૦૦ | શ્રી રોમી C/o. એલ આર ટ્રેડીંગ કું, સરખી દાદરી |
| ૨,૧૦૦ | શ્રી રાજકુમાર ધીર, મંડી-આદમપુર-હરિયાણા |

| રૂપિયા | દાતાઓના નામ |
|---|---|
| ૨,૧૦૦ | શ્રી વિશાશ કોટન કું., આદમપુર-હરિયાણા |
| ૨,૧૦૦ | માતુશ્રી ઝવેરબેન ભીમશી છેડા, પુનડી |
| ૨,૦૦૦ | શ્રી ઘણીબાવાનાં ભાવિકો હા. હરિશ મુનવર, અમદાવાદ |
| ૨,૦૦૦ | શ્રી મેઘજી ભાણજી પોલડીયા, ડુમરા |
| ૨,૦૦૦ | શ્રીમતિ પ્રભાબેન કલ્યાણજી ભીચસરીયા, બાંદ્રા (વેસ્ટ) |
| ૨,૦૦૦ | શ્રી કલ્યાણજી લીલાધર ભીચસરીયા, બાંદ્રા (વેસ્ટ) |
| ૨,૦૦૦ | સ્વ. દેવચંદ રવજી ગાલાની, મોટી ખાવડી |
| ૨,૦૦૦ | શ્રી મુલચંદ વેરશી મોતા, દહીસર |
| ૨,૦૦૦ | શ્રી ગોલદેવળ અચલગચ્છ જૈન સંઘ, મુંબઇ |
| ૧,૫૦૦ | શ્રી કામાગલ્લી વર્ધમાન સ્થાનકવાસી જૈન શ્રાવક સંઘ, ઘાટકોપર |
| ૧,૫૦૦ | માતુશ્રી ભાણબાઇ રતનશી દેઢીયા, ઘાટકોપર |
| ૧,૦૦૧ | માતુશ્રી નવલબાઇ ખેતશી મેઘજી ધરમશી, ડોંબીવલી |
| ૧,૦૦૧ | માતુશ્રી રાજબાઇ લક્ષ્મીચંદ ધારશી મોતા, લાખણીયા |
| ૧,૦૦૧ | માતુશ્રી ભચીબાઇ મેઘજી લોડાયા, સુજાપર |
| ૧,૦૦૧ | માતુશ્રી ખેતબાઇ ચાંપશી ધરમશી, મુલુંડ |
| ૧,૦૦૧ | માતુશ્રી લક્ષ્મીબાઇ વેલજી લોડાયા, મુલુંડ |
| ૧,૦૦૦ | શ્રી અશોક કલ્યાણજી ભીચસરીયા, બાંદ્રા, મુંબઇ |
| ૧,૦૦૦ | અ.સૌ. વિમલા રાયચંદ શીયાળ, બોરીવલી |
| ૧,૦૦૦ | શ્રી સખીવૃંદ સામાયિક મંડળ, ભાંડુપ |
| ૧,૦૦૦ | શ્રી અજરામર સ્વામી સ્થાનકવાસી જૈન સંઘ, કુર્લા |
| ૧,૦૦૦ | શ્રી મુરજી કુંવરજી દેઢીયા, ગોધરા |
| ૧,૦૦૦ | શ્રી નાથાલાલ રૂપશી શાહ, ગોરેગામ |
| ૧,૦૦૦ | શ્રી કનિષ્ક મહેન્દ્ર નિસર, ખાર |

**નોંધ : આ સંસ્થાને આપેલ દાન ઈન્કમ ટેક્સ એક્ટ કલમ ૮૦ જી મુજબ રાહતપાત્ર છે.**

# ભાવાંજલિ



હીના હેત વતાય વ્યા, સેવા ને સુવાસ રખી વ્યા,
સંત સેવામેં સત રખી વ્યા, રતીલાલ કે રૂંધો છડે વ્યા,
કુટુંબજા કર્ણધાર હોઆ, વૈયાવચ્છ મેં વટવારા હોઆ.
જપ તપ મેં જબરા બોરા હોઆ, રતીલાલ કે રૂંધો છડે વ્યા,
સાંયરેજા સેવાભાવી હોઆ, દયાળુ દાનેશ્વરી હોઆ,
સાવરેં / માઈતરેં જો નાલો રખી વ્યા, રતીલાલ કે રૂંધો છડે વ્યા,
વાલેંજી વાટ હલ્યા વ્યા, કુટુંબ જા મોભી હલ્યા વ્યા,
''ઉત્તમ'' આદીનાથ રટે વ્યા, રતીલાલ કે રૂંધો છડે વ્યા...

**શ્રધ્ધા સુમન**



**અ.સૌ. હીના**
**રતીલાલ દામજી ધ્રોળ**
સાંયરા - ડોંબિવલી

**માતુશ્રી મણીબાઇ ખેતશી મોમાયા પરિવાર**
**હા. અ.સૌ. શીલા ઉત્તમ મોમાયા**
(સાંયરા - નવી મુંબઇ)
**મો.: 86522 19181**


## ડોંબીવલી (ઈસ્ટ)

**નવનીત નગરમાં**
**તમને ફ્લેટ નથી મળ્યો ?**

**જૈન દેરાસરની બાજુમાં રહેવું છે ?**
**તો અમે આપીએ છીએ ઉત્તમ તક...**




**પાર્શ્વનાથ આર્કેડ**
**નવનીત નગર દેરાસર ટચ**
**ડોંબીવલી**

One BED - **33** લાખ
Two BED - **55** લાખ

**CONTACT :**
**SHANTI BHAI - 8291839660**
**ANKIT BHAI - 9819686262**


॥ શ્રી આદેશ્વરાય નમઃ ॥

## ચાલો મંજલ રેલડિયા

- તાજેતરમાં પૂર્ણ થયેલ ધ્વજા મહોત્સવ દરમિયાન કેટલાક ભાઇઓને ઉમદા ભાવના થયેલ કે શ્રી મંજલ દેરાસર ટ્રસ્ટ અને મંજલ અચલગચ્છ સંઘના સહયોગ થી દર બે/ત્રણ મહિને રવિવારના સ્થાનિકે પધારી મંજલ તીર્થમંડન શ્રી આદેશ્વર દાદાની શીતળ છત્રછાયામાં ભાવથી શ્રી સ્નાત્ર પૂજા તેમજ શ્રી પંચ કલ્યાણક પૂજા ભણાવી સાંજના પાછા મુંબઇ પરત થવાનું આયોજન નિયમીત રીતે કરવા ઇચ્છે છે.
- નક્કી થયેલ શનિવારે મુંબઇથી કચ્છ એક્ષપ્રેસમાં રવાના થઈ પરત કચ્છ એક્ષપ્રેસથી મુંબઇ રવાના થવાનું આયોજન નિયમીત રીતે કરવા ઇચ્છે છે.
- પ્રથમ આયોજન : શનિવાર, તા. ૨૭ જુલાઇ ૨૦૧૯ રવાના, રવિવાર, તા. ૨૮ જુલાઇ ૨૦૧૯ પરત
- ટ્રેન : જતા/આવતા કચ્છ એક્ષપ્રેસ
- ટીકીટ : વ્યવસ્થા પોતાની રીતે કરવાની રહેશે.
- વાહન : ભૂજ - મંજલ - ભૂજ વ્યવસ્થા કરવામાં આવશે.
- ભોજનશાળા : સ્થાનિકે ચા/દૂધ નાસ્તો - બપોરના જમણ અને સાંજના ચૌવિહારની વ્યવસ્થા કરવામાં આવશે.
- તા.ક.: પૂજા માટે કપડા આવશ્યક છે

**ગામના સર્વે જૈન ભાઇ/બહેનો તેમજ નિયાણી બહેનોને સપરિવાર પધારવા વિનંતી.**

**વધુ વિગત માટે સંપર્ક :**
**શ્રી રમેશ ખીમજી ગોસર - 70218 14052**

**જ્ઞાતિને સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

### પરજાઉ નગરે ત્રિદિવસીય મહોત્સવ

અત્રે શ્રી પરજાઉ નગરે શ્રી ચંદ્રપ્રભ સ્વામીની ૧૬૫મી વર્ષગાંઠ તથા શ્રી શીતલનાથ ભગવાનની ૪થી વર્ષગાંઠ નિમિત્તે પરમપુજ્ય મુનિરાજ શ્રી મુક્તિરત્ન સાગરજી મહારાજ સાહેબની નિશ્રામાં ત્રીદિવસીય મહોત્સવ વૈશાખ સુદ ૧૦ થી ૧૨ સુધી ઉજવાયો. જેમાં દેશ-દેશાવરથી બહોળી સંખ્યામાં પરજાઉ વાસીઓ તથા નિયાણી બહેનો પધાર્યા હતા.

મુળનાયકની ધ્વજાનો લાભ માતુશ્રી હિરાવંતીબેન લહેરચંદ મેપાણી પરિવાર હા. સુપુત્ર શ્રી નયનભાઇએ લીધેલ શ્રી અનંતનાથ ભગવાનની ધ્વજાનો લાભ માતુશ્રી ઝમકુબાઇ ઝવેરચંદ નાગડા પરિવાર હા. સુપુત્ર શ્રી દિલીપભાઇએ લીધેલ. શ્રી શાંતિનાથ ભગવાનની ધ્વજાનો લાભ માતુશ્રી રતનબાઇ આણંદજી દંડ પરિવાર હા. સુપુત્ર શા લહેરચંદભાઇએ લીધેલ. તથા નુતન કેરીમાં મુળનાયક શ્રી શીતલનાથ ભગવાનની ધ્વજાનો લાભ માતુશ્રી હિરાવંતીબેન લહેરચંદ મેપાણી પરિવાર હા. સુપુત્ર નયનભાઇએ લીધેલ. તથા મુળનાયકની ડાબી બાજુશ્રી સુમતિનાથ ભગવાનની ધ્વજાનો લાભ માતુશ્રી ભચીબાઇ ધનજીભાઇ દંદ પરિવાર હા. સુપુત્ર શ્રી ગુલાબભાઇએ લીધેલ તથા મુળનાયકની જમાની બાજુ શ્રી ચંદ્રપ્રભ સ્વામીની ધ્વજાની લાભ માતુશ્રી રતનબાઇ આણંદજી દંડ પરિવાર હા. સુપુત્ર શ્રી લહેરચંદભાઇએ લીધેલ. દરરોજ રાત્રે ભક્તિ ભાવના તથા પ્રથમ દિવસે અઢાર અભિષેક કરવામાં આવેલ. વિધીકાર શ્રી જિગરભાઇ સંઘવી (ભુજ) તથા સંગીતકાર શ્રી ઇરફાનભાઇ મીર (માંડવી) હતા.

### શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસર - ખારેક બજાર

૫૩માં વર્ષીતપના આરાધક તપચક્રવર્તી, તપસ્વીરત્ન, તપ પ્રભાવક, જિન શાસન શિરોમણી, અચલગચ્છાધિપતી પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.ના આજ્ઞાનુવર્તી પૂ. કમલપ્રભસાગરજી મ.સા. આદી ઠાણા (૨) ૧૮-૬-૨૦૧૯ના સવારના શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસર, ખારેક બજાર પધારેલ. જ્ઞાતિજનોને વંદન અને વ્યાખ્યાનનું લાભ મળેલ. સાંજના ફોર્ટ તરફ પ્રયાણ કરેલ.

### ખામગાવ ખાતે ચાતુર્માસ પ્રવેશ

પૂ. સાધ્વીજી સંયમગુણાશ્રીજી મ.સા. (અચલગચ્છ)નો ચાતુર્માસ પ્રવેશ ખામગાંવ ખાતે ૧૧-૭-૨૦૧૯ના સવારે ૯.૪૦ કલાકે થશે.

### બાંડીયાના લાલકા તથા લોડાયા પરિવારનું ગૌરવ

બાંડીયાના જ્યોતીબેન કાંતિલાલ લાલકાની સુપુત્રી સાંધવના વીપુલભાઇ ઠાકરશી લોડાયાના ધર્મપત્ની ''પ્રીયાબેન'' દેવલાલીમાં ૪૭ દીવસ ઉપધાન તપની આરાધના પૂર્ણ કરેલ છે.

### શ્રી ક.દ.ઓ. મીડટાઉન સંઘ

શ્રી ક.દ.ઓ. મીડટાઉન સંઘે સરકારની જન-કલ્યાણની યોજનાઓ જાણવા જ્ઞાતિની ઘણી બધી સંસ્થાઓને આમંત્રિત કરી નગરસેવિકા શ્રીમતી નેહલ ખોનાના નિર્દેશનથી બધાની માહિતી પ્રસારિત કરવા ૪ જુનના માટુંગામાં સેમિનાર યોજ્યો જે ખૂબજ સારી રીતે સંપન્ન થયો. પોસ્ટ ઓફિસના પબ્લિક રીલેશન સુપરીટેન્ડન્ટે તથા માયનોરિટીના પદાધિકારીઓએ સંપૂર્ણ માહિતી આપી. ત્યારબાદ જ્ઞાતિની વિવિધ સંસ્થાઓ જેવી કે સમસ્ત મહાજન, વેલફેર સમિતિ, બોયઝ હોસ્ટેલ, કન્યા હોસ્ટેલ, વર્કિંગ વુમન, વિદ્યાર્થી સંઘ, નરશી નાથા મેડિકલ ટ્રસ્ટ, કે.ડી.ઓ. ક્લાસિક ટ્રસ્ટ, માનવજ્યોત, પરબ મેડિકલ ટ્રસ્ટ, વસ્તિપત્રક સમિતિ, અરિહંત બેંક, વગેરેના પદાધિકારીઓએ ૩ કલાક દરમ્યાન જાણવા જેવી ઘણીજ માહિતિ આપી. ચેમ્બુરમાં કિરિટભાઇ લાપસિયાના નામનો અતિથિગૃહ જે ભવ્ય હોલ સાથે ૨૫ જેટલા બ્લોક ધરાવે છે. જેનું એક રૂમનું ભાડુ રૂા. ૧૩૦૦/- છે. તેવીજ રીતે માટુંગા ક.મૂ.શ્વે. જૈન સંઘમાં સ્વમાન લગ્ન પણ ખૂબજ સસ્તામાં બંને પાર્ટી માટે ૧ લાખ ૧૧ હજાર . ૪૦૦ જણની હાજરીમાં બધીજ સગવડો સાથે ધામધૂમથી થાય જેની માહિતી આપી મીડટાઉન સંઘે સોશિયલ સિક્યુરીટી વેલફેરમાં જરૂરતમંદ ૧૦ જ્ઞાતિજનો માટે રૂા. ૨૦,૦૦૦ વીસ હજાર લવાજમ પેટે ભર્યા તથા સુકન્યા યોજનામાં ૧૦

વર્ષની નીચેની કન્યાઓને પોસ્ટ ઓફિસમાં ખાતું ખોલી યોજના ચાલુ કરાવી દીધી.

## આદિપુર નગરે ચાતુર્માસ વધામણા

પૂ. અચલગચ્છાધિપી તપચક્ર ચક્રવર્તી આચાર્ય દેવ શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા. ના આજ્ઞા આશીષે. સુદીર્ઘ સંયમી પરમ વિદુષી સુ સાધ્વી પ.પુ. હંસાવલીશ્રીજી મ.સા. આદિઠાણા-પનું ચાતુર્માસ આદિપુર સંઘ ને પ્રાપ્ત થયેલ છે. પૂજ્યો શ્રીનું ચાતુર્માસ મંગલ પ્રવેશ ૭-૭-૨૦૧૯ના સવારે ૮.૩૦ કલાકે છે.

## શ્રી પદ્મમુક્તિ વાત્સલ્ય નિધિ ટ્રસ્ટ (ચાલીસગામ)

પૂ. જયલક્ષ્મીશ્રીજી મ.સા. પ્રેરણા દ્વારા ટ્રસ્ટની સ્થાપના કરવામાં આવેલ તેમજ પૂ. જયદર્શિતાશ્રીજી મ.સા.ના આશિર્વાદથી અને માર્ગદર્શનથી ટ્રસ્ટ સમાજ સેવાના કાર્યો કરી રહેલ છે. ચાલીસગામ મધે દર બુધવારના જરૂરતમંદોને ભોજન કરાવવામાં આવે છે.

એક બુધવારનો નકરો આપનાર દાતા : ૧) પુર્ણિમા સુરેશ નાગડા (નાંદેડ), ૨) સોનબાઇ લક્ષ્મીચંદ લોડાયા (ચાલીસગામ), ૩) ભરતભાઇ નરશી નાગડા (ખિરકીયા), ૪) સ્વ. મુકેશભાઇ આણંદજી ધુલ્લા (હસ્તે ચંદ્રિકા મુકેશ ધુલ્લા-કોચીન), ૫) એક સદ્‌ગૃહસ્થ (વિદ્યાવિહાર, મુંબઇ), ૬) મહેન્દ્રભાઇ રતીલાલ નાગડા (મુંબઇ), ૭) સ્વ. રાજેન્દ્ર કુંવરજી લાલકા (હસ્તે હર્ષા રાજેન્દ્ર લાલકા, બાંઢિયા), ૮) તરલાબેન તારાચંદ લોડાયા (હસ્તે નીલેશ તારાચંદ લોડાયા, અમલનેર).


।। શ્રી શાંતિનાથાય નમો નમઃ ।।

**સાંધવ નગરે મંગલમય ચાર્તુમાસ ના વધામણા**

**ચાર્તુમાસ પ્રવેશ પ્રસંગે પધારવા ભાવભર્યું આમંત્રણ**

શ્રી શાંતિનાથ દાદાની અસીમ કૃપાથી અને તપ ચક્રવર્તી અચલગચ્છાધિપતિ **પ.પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.**ની આજ્ઞાવર્તી **પ.પૂ. મુનીરાજશ્રી હીતવર્ધનસાગરજી મ.સા.**નું ચાર્તુમાસ સાંધવ સંઘને પ્રાપ્ત થયેલ છે. સાંધવ સંઘ હર્ષ અને ઉલ્લાસની લાગણી અનુભવે છે. પ.પૂ. મ.સા.ને મંગલ પ્રવેશ અને સામૈયું અષાઢ સુદ ૧૩ ને **રવિવાર તા. ૧૪-૦૭-૨૦૧૯**ના સવારના ૯.૦૦ કલાકે રાખવામાં આવેલ છે. સૌ સાંધવવાસીઓ, નિયાણી બહેનો, આરાધક ભાઇઓ-બહેનો અને સકળ સંઘોને ચાર્તુમાસ પ્રવેશ પ્રસંગે પધારવા ભાવભર્યું આમંત્રણ આપે છે. ચાર્તુમાસ દરમ્યાન દર્શન, વ્યાખ્યાન, વાણીનો લાભ લેવા પધારશોજી.

લિ.

**શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન - સાંધવ વતી**

**શ્રી શામજી નરશી દંડ, પ્રમુખશ્રી**


## શ્રી કચ્છી દશા ઓશવાલ મંડળ ડોંબીવલી

શ્રી કચ્છી દશા ઓશવાલ મંડળ ડોંબીવલી દ્વારા ૪૩મું શૈક્ષણિક સમારોહ ઉજવાયો. સૌપ્રથમ સરસ્વતીમાતા તથા શેઠ શ્રી નરશીનાથાની છબીને હારારોપણ પછી લાભાર્થી પરિવારના સભ્યોને મંચસ્થ કર્યા. મંડળના પ્રમુખ શ્રી હેમંતભાઈ પ્રાસંગીક પ્રવચન આપ્યું હતું. મંડળના મંત્રી શ્રી ચેતન નાગડા શૈક્ષણિક અહેવાલ આપ્યું હતું. મંડળના સેક્રેટરી શ્રી મહેન્દ્રભાઈ મોતા કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. પધારેલ લાભાર્થી પરિવારોનું પુષ્પગુચ્છથી બહુમાન કરવામાં આવ્યું હતું. ૧ થી ૯ ધોરણના અંગ્રેજી અને ગુજરાતી મીડીયમમાં  વિદ્યાર્થી સૌથી વધુ માર્કે ઉત્તીર્ણ થયેલ એક અને બે નંબરના વિદ્યાર્થીઓને ટ્રોફી આપી બહુમાન કરવામાં આવ્યું હતું....નામોની રજુઆત શ્રી ગીરીશભાઈ પટેલ અને શ્રી વિશ્વજીતભાઈ લોડાયાએ કરી હતી.

અરજી આપેલ દરેક વિદ્યાર્થીઓને દફતર તેમજ ગણવેશનું ફ્રી વિતરણ તેમજ સ્ટેશનરી અને નોટબુકોનું પણ રાહતદરે વિતરણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમની તૈયારી ચેરમેન શ્રી સંજયભાઈ નાગડા તથા મંડળના સભ્યોએ કરી હતી. આભારવિધિ મંડળના ઉપપ્રમુખ શ્રી ભુપેન્દ્રભાઈ ડાઘા દ્વારા કરવામાં આવી હતી.

## કેડીઓ ક્લાસિક ફાઉન્ડેશન

કેડીઓ ક્લાસિક ફાઉન્ડેશન ક.દ.ઓ જ્ઞાતિજનો માટે પ્રથમ કિડની કેમ્પ રવિવાર, તા ૨૦મી જુલાઈ, ૨૦૧૯ના રોજ પરખ હોસ્પીટલ એન્ડ રીસર્ચ સેન્ટર, જેઠાભાઈ લેન, રેલ્વે સ્ટેશન નજીક, ઘાટકોપર (પૂર્વ), મુંબઈમાં આયોજન કરેલ છે.


**સાડીઓના અનુભવી શાંતીભાઈને મળો...**

પારસી વર્ક, કસબ વર્ક, જીક કસબ, પીટા વર્ક, મોચી ટાકો, બટ કસબ, ફુલહારી, ધારવાડી, હાથ વર્ક અને મશીન વર્કની સાડીઓ અને ચણીયાચોળી રેડી સ્ટોકમાં મળશે.

તેમજ ઓર્ડરથી બનાવી આપવામાં આવશે.

તમારી જુની સાડીઓને ઓલ્ટર કરી આપશું.

**સોનલ આર્ટ**

**Mob.: 99678 41792**

'શિવમ', ડી-૨૦૧, રઘુનાથ નગર, વાગલે એસ્ટેટ, રોડ નં. ૯, શિવસેના ઓફીસની સામે, થાણા-૪૦૦ ૬૦૪.

## નામદા બનાવવાનું યંત્ર

દેશી ઉનમાંથી નામદા બનાવવાનું યંત્ર દિલ્હીની આઇટીઆઇમાં વિકસાવવામાં આવ્યું છે. અગાઉ ઘોડાની કાઠલી નીચે રાખવામાં વપરાતા નામદા સમય સાથે નિત નવા ઉપયોગમાં લેવાઇ રહ્યા છે.

## પરજાઉના ટ્યૂબ વેલમાં મીઠું પાણી મળ્યું

૨૦૦૧ પછી મીઠી ડેમનું પાણી ખલાસ થતાં નલિયામાં પાણીની સમસ્યા વકરી હતી. આ સમસ્યાના ઉકેલ માટે નજીકના જાખરી ડેમમાં નવા ટ્યૂબવેલ બનાવવા ઉપરાંત પરજાઉમાં પણ ત્રણ ટ્યૂબવેલની યોજના પર કામ શરૂ થતાં પરજાઉના એ ટ્યૂબવેલમાં પીવા લાયક સારૂં મીઠું પાણી મળી આવ્યું છે. આથી વિસ્તારની પાણીની સમસ્યામાં નોંધપાત્ર રાહત મળશે.

## વાર્તાસંગ્રહને સાહિત્ય અકાદમીનો પુરસ્કાર

અંજારના યુવા સાહિત્યકાર અજય સોનીને તેમના ગુજરાતી વાર્તાસંગ્રહ ''રેતીનો માણસ'' ને કેન્દ્રીય સાહિત્ય અકાદમીનો પ્રાદેશિક ભાષાના યુવા સાહિત્યકારો માટેનો વર્ષ ૨૦૧૯નો પુરસ્કાર એનાયત થયો છે. કુલ ૨૩ પ્રાદેશિક ભાષાઓના યુવા લેખકોની રચના પુરસ્કૃત થઇ છે. ''રેતીનો માણસ'' વાર્તાસંગ્રહ ૨૦૧૭માં પ્રસિધ્ધ થયો હતો.

## દસ્તાવેજી ફિલ્મ 'માનસી'ને શ્રેષ્ઠ ફિલ્મ ઍવોર્ડ

મંદબુધ્ધી બાળિકાઓની શાળા ''માનસી''ની પ્રવૃત્તિઓ અંગે કંડારાયેલી દસ્તાવેજી (ડૉક્યુમેન્ટરી) ફિલ્મ માનસીને હાલમાંજ લૉસ ઍંજલ્સ ખાતે યોજાયેલા આંતરરાષ્ટ્રીય ગુજરાતી ફિલ્મ ફેસ્ટીવલમાં સર્વશ્રેષ્ઠ ફિલ્મનો એવૉર્ડ એનાયત થયો છે. ફિલ્મના દિગ્દર્શક વડાલા કચ્છના સુનીલ વીસરાણી અને ફોટોગ્રાફર નવાવાસના સુનીલ દેઢિયા છે.

## કચ્છના અર્થતંત્રને બદલનારા ભૂકંપની દ્વિશતાબ્દિ

૧૬ જુન ૧૮૧૯ સાંજે ૬.૪૬ કલાકે આવેલા ૭.૯ની તિવ્રતાવાળા ધરતીકંપે 'અલ્લાહ બંધ' સર્જવાની સાથે કચ્છના અર્થતંત્રને ધમરોળી નાખ્યો હતો. લગભગ ૧૮૦ વર્ષ કચ્છી સન ૨૦૦૧ના ભૂકંપે પણ કચ્છમાં ભારે ખાનાખરાબી સર્જી હતી જો કે સરકારી પ્રયાસોના લીધે કચ્છની શિકલ બદલાઇ ગઇ તેની નોંધ લેવી ઘટે.

ભૂસ્તર શાસ્ત્રની દૃષ્ટિએ આ ઇન્ટ્રાપ્લેટ ધરતીકંપ ખૂબ મહત્વની પણ વિનાશક ઘટના ગણાય છે. માત્ર એક મિનીટના ગાળામાં જ લગભગ ૧૦૦૦ કિ.મી.ના વિસ્તારની ભૌગોલિક સ્થિતિ બદલી ગઇ હતી.

૧૬ કિ.મી. વિસ્તારમાં ત્રણ થી ચાર મીટર ઊંચાઇની ટેકરી બની જતા નરા નહેર અને સિંધુ નદીના વહેણ રોકાઇ જવા ઉપરાંત સિંદરી કિલ્લો નાશ પામ્યો હતો તેમજ ચોખાનું ઉત્પાદન કરતી ફળદ્રુપ જમીન વહી ગઇ હતી.

આ ધરતીકંપની ૨૦૦મી વર્ષગાંઠ નિમિત્તે આ વિસ્તારના અભ્યાસને લગતી બે દિવસની કાર્યશાળાનું સિંધ -થરપારકર નજીકના રણ વિસ્તારમાં આયોજન કરવામાં આવ્યું હતું. અલબત્ત, વિધ્વસમાં સોનેરી કિરણ રૂપે કચ્છની પ્રજા નવી તકો ખેડવા નીકળી પડી હતી.

## ગોશાળા વગેરેમાં ભ્રષ્ટાચારની ફરિયાદ

રમીલાબેન લાલકાએ જખૌમાં ગૌશાળાના નિર્માણ અને સીસી રોડના કામમાં ભારે ભ્રષ્ટાચાર હોવાની ફરિયાદ કરી તપાસની માગણી કરી છે.

## કેરીની ખેતી

હાલ કેરીની મોસમ પૂર બહારમાં છે અને અંત ભણી પહોંચી છે ત્યારે ગઢશીશાના એક નેશનલ હોર્ટીકચ્ચર બોર્ડની માન્યતા પ્રાપ્ત નર્સરી માં કેરી (આંબા)ના રોપા તૈયાર કરવા માટે ગોટલી પણ સારા ભાવે ખરીદવામાં આવે છે. જાણવા મળે છે કે ગઢશીશા સ્થિત આ નર્સરીમાં એક ટેમ્પો ગોટલીના લગભગ રૂા. એક થી દોઢ લાખ ઉપજે છે જ્યારે મજૂરો પણ ગોટલીઓ ભેગી કરી દૈનિક રૂા. ૫૦૦ થી ૧૦૦૦ જેટલા કમાઇ લે છે.

## તેરાના તળાવોનું ખાણેત્રુ

આપણા એક મહત્વના ગામ તેરામાં ત્રણ તળાવો છે આ વિખ્યાત તળાવો છતાસર, સુમરાસર અને ચતાસર અગાઉની તળાવ વિદ્યા પ્રમાણે ખોદાયેલા છે. જે સંપૂર્ણ ઓવર ફ્લો થતાં - ઓગનના લગભગ ત્રણ વરસ સુધી પાણીની પૂર્તિ કરે છે. આ વખતે ૨૩ વરસ પછી આ તળાવોના ખાણેત્રા - કાંપ કાઢવા અને ઊંડા કરવાની પ્રક્રિયા હાથ ધરાઇ છે. ખાણેત્રાનું કામ તેરાના ઠાકોર શ્રી મયુરધ્વજસિંહજીના પ્રમુખ પદ હેઠળ શરૂ થયું છે. પ્રાંત અધિકારી ઝાલાએ સપ્તાહમાં એક દિવસ શ્રમદાન કરવાની હાકલ કરી હતી.

અગાઉ કચ્છમાં ગામે દર વરસે તળાવોમાં શ્રમદાન થી ખાણેત્રા થતા અને કાંપ કાઢી ખેડુતો ફાળવણી પ્રમાણે પોતપોતાના ખેતરોમાં નાખતા આથી પાકની ગુણવત્તામાં નોંધ પાત્ર સુધારો થતો.

## સદાબહાર પીલુડી

સદાબહાર વૃક્ષ પીલુડી/જાર સામાન્ય પણે વગડાઉ અને ખેતરોના સેઢા પર જોવા મળતું પણ હવે એ નામશેષ થવાને આરે છે. ગુંદીના સહોદર જેવું આ વૃક્ષ બેબિલોન, ગ્રીક, રોમન, મિશ્ર (ઇજીપ્ત) વગેરે દેશોમાં પેદા થતું તો ભારતમાં ખાસ કરીને કચ્છ તથા સૌરાષ્ટ્ર, રાજસ્થાન, પંજાબ, બલુચીસ્તાન, ઉત્તરપૂર્વ વગેરે વિસ્તારોમાં જોવા મળે છે. પીલુ માંથી મળતું અખાદ્ય તેલ, સાબુ વગેરેમાં વપરાય છે. ટૂથ બ્રશ ટી તરીકે જાણીતું આ વૃક્ષ મેસ્વતકના નામે પણ ઓળખાય છે. અનેક દવાઓમાં એનો ઉપયોગ થાય છે.

## એક માત્ર નર ઘોરાડ ગાયબ

કચ્છના વિશ્વસ્તરીય વાઇલ્ડ લાઇફ ફોટોગ્રાફર અશોક ચૌધરીને તાજેતરમાં ૩૫માં ફોર્થ ઇંટરનેશનલ ફોટોગ્રાફી એવોર્ડ મૉસ્કોમાં લેસર ફ્લોરિકનના ફોટોગ્રાફ માટે એનાયત થયો છે. ચૌધરીના જણાવ્યા પ્રમાણે હાલ એક માત્ર નર ઘોરાડ છેલ્લા છ મહીનાથી લાપતા છે જો કે આ જાતીતી આંગળીના વેઢે ગણાય એટલી ૬ થી ૧૨ માદાઓ છે પણ નર ઘોરાડના લાપતા થવાથી આ પક્ષીનું વંશ નાશ નિશ્ચિત ગણાય છે એમ અશોક ચૌધરીએ જણાવ્યું હતું. ચૌધરી ઘોરાડ વગેરે વન્ય જીવનને યોગ્ય સલામતી પૂરી પાડવા માટે લડત ચલાવી રહ્યા છે. અહીં અવશ્ય નોંધવું જોઇએ કે ઉપરોક્ત સ્પર્ધામાં ૧૭૨ દેશોના ૧,૧૨,૨૬૮ ફોટોગ્રાફરોએ કૃતિઓ રજુ કરી હતી જે ત્રીજા લેવલ પર પહોંચી હતી. આ પૈકી ચૂંટવામાં આવેલા ૫૦ ઉત્તમ ફોટોગ્રાફોમાં પણ અશોક ચૌધરીના 'લેસર ફ્લોરિન' જાતના પક્ષીના ફોટોગ્રાફને સર્વશ્રેષ્ઠ તરીકે પસંદ કરાયો હતો.

**ભુલ સુધાર :** મહારાજ શ્રી પ્રાગમલજી ત્રીજાની તાજેતરમાં ૮૪મી વર્ષગાંઠ ઉજવાઇ હતી છે. મહારાજશ્રીની જન્મ તિથિ નૃસિંહ જયંતિના દિને પડે છે.

## માનદ્ પ્રતિનિધિ નીમવા છે

દરેક ગામમાં પ્રકાશ સમીક્ષાના લવાજમ અને સમાચારો માટે માનદ્ પ્રતિનિધિ નીમવા છે. ઇચ્છુક વ્યક્તિ સંપર્ક કરશો. જૂના માનદ્ પ્રતિનિધિઓને પણ ફરી કાર્યરત થવા વિનંતી.

**સંપર્ક :** હીરાચંદ દંડ – **7738508150,**
ઉદયન શાહ – **8779647886,**
ઈમેલ : **kdoprakash@gmail.com**

## બાંડીયા ગામના ગૌરવ સમા તપસ્વીરત્નો

ગામ બાંડીયાના હાલ આદીપુર **અ.સૌ. જ્યોતીબેન કાન્તીલાલ લાલકા**ની સુપુત્રી બાંડીયાની નિયાણી **અ.સૌ. પ્રીયા વીપુલભાઇ લોડાયા, સાંધવ.**

હમણા દેવલાલીમાં ૪૭ દિવસનું ઉપધાન તપ કરેલ છે. બાંડીયા ગામની નિયાણીઓમાં ઉપધાન તપ કરનાર પ્રથમ તપસ્વી છે. બાંડીયાના (બાલવીર) **ધર્મવીર વૈભવ મનોજ લોડાયા** ૯૯ + ૯ = ૧૦૮ પાલીતાણાની યાત્રા પૂર્ણ કરેલ. સાથે **અ.સૌ. ગીતાબેન લહેરચંદ લોડાયા** ૯૯ + ૧૬ = ૧૧૫ યાત્રા પૂર્ણ કરેલ. સાથે અ.સૌ. **ડીમ્પલબેન મનોજભાઇ ભાવીન લહેરચંદ લોડાયા** ૫૦ થી વધુ પાલીતાણા યાત્રા કરેલ.

આવા તપસ્વીઓના તેજ થી બાંડીયા ગામનું નામ રોશન થયું. **ખૂબ ખૂબ અનુમોદના...**

**બાંડીયાના જ્ઞાતિજનોને ગર્વ છે, આવા તપસ્વી રત્નો ગામમાં છે.**

**શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન**
**બાંડીયા**

## "વારાપધ્ધર" ગામમાં લાલકા પરિવારની પેડી

વારાપધ્ધર ગામમાં બીરાજમાન લાલકા પરિવારના કુળદેવી "ચામુંડા" માતાજીની ૧૦મી પહેડી **કારતક સુદ પૂનમ તા. ૧૨-૧૧-૨૦૧૯ મંગળવાર**ના વારાપધ્ધરમાં રાખવામાં આવેલ છે. ઓલીયાવારા પીરને ચાદર તથા પહેડી ચડાવી ત્યારબાદ ૯.૩૦ વાગે માતાજીના સ્થાનમાં હવન તથા પહેડી પ્રસાદ થશે. નવકારશી તથા પહેડી પ્રસાદ નો લાભ માતુશ્રી મણીબાઇ કુંવરજી લાલકા તથા માતુશ્રી માનબાઇ માણેકજી લાલકા (બાંડીયા) પરીવારે લીધેલ છે. સર્વ ભાવિકો તથા નિયાણી બહેનો સહપરિવાર પધારવા ભાવભર્યું નિમંત્રણ. ટ્રેનની ટીકીટ તથા રહેવાની વ્યવસ્થા પોતાની રીતે કરવા વિનંતી.

માતાજીના સ્થાનમાં ટાઇલ્સ, પ્લાસ્ટર-કલરનું કામ કરાવવાનું જરૂરી છે. બહારગામ તથા સ્થાનિક ભાવિકો જરૂરથી પધારવા વિનંતી. સર્વ કામ માટે દાતાશ્રી આવકાર્ય.

**સંપર્ક :**

| | |
|---|---|
| **પદમશીભાઇ એલ. લાલકા** (આદીપુર) | **- 221427 / 223567** |
| **કાન્તીલાલ કે. લાલકા** (આદીપુર) કોઠારા | **- 9377088890** |
| **દીપકભાઇ એ. લાલકા** (સેઘવા) | **- 09424825400** |
| **રાકેશ કે. લાલકા** (બરોડા) | **- 9825741467** |
| **કુસુમકાન્ત કે. લાલકા** (ડોંબીવલી) | **- 9323961617** |
| **વિનોદભાઇ કે. લાલકા** (ઘાટકોપર) | **- 9920946664** |
| **તિલક કે. લાલકા** (ડોંબીવલી) | **- 7498055051** |
| **વોટસએપ ગ્રુપ માટે મીત લાલકા** | **- 9969475984** |

**નવા/બદલાયેલા સરનામા/ફોન** – (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

| | |
|---|---|
| **નિલેશ જેઠાલાલ ખોના** (PS 7155) | ૧૦૪, અચારીયા પાર્ક, હનુમાન શેરી, સંગ્રામપુરા, સુરત-૩૯૫ ૦૦૨. મો.: 90333 47647 |
| **શ્રીમતી કમલ મહેન્દ્ર લોડાયા** (PS 1624) | રૂમ નં. ૯, ૧લે માળે, એકવીરા સદન, એન. એસ. રોડ, મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦. મો.: 098207 22816 - Kamal, 098674 75959 - Jigna |
| **નિતીન કાનજી શાહ (લોડાયા)** (PS 6010) | ''વિનીત'', જુનો નં. ૧૬, નવો નં. ૨૬, એસ. આર. પી. નગર, બીજો ક્રોસ, સાંઈબાબા કોલોની, કોઈમ્બતુર-૬૪૧ ૦૧૧. મો.: 098430 18927 / 0422 4368248 |
| **વાલજી લખમશી ધરમશી** (PS 4410) | ૮, પ્રશાંત બિલ્ડીંગ, ૧લે માળે, કે. પી. ભગત વાડી, તુકારામ નગર, ડોમ્બીવલી (ઈસ્ટ) - ૪૨૧ ૨૦૧. મો.: 099308 12678 |
| **અતુલ પ્રતાપ લોડાયા** (PS 4102) | Q-404, મોહન તુલસી વિહાર, ફેઝ ૪, હેન્દ્રેપાડા, ભારત કોલેજ પાસે, બદલાપુર-૪૨૧ ૫૦૩. મો.: 099875 71928 |
| **શ્રીમતી સરોજ પ્રતાપ ધરમશી** (PS 2948) | ૫, સાંઈ પારીજાત, ગણેશ મંદિર રોડ, નેહરૂ મૈદાન પાસે, ડોમ્બીવલી (ઈસ્ટ) - ૪૨૧ ૨૦૧. મો.: 099204 34384 |
| **શ્રીમતી મધુબેન સોમચંદ ધરમશી** (PS 5456) | T58-F404, ફ્યુચર ટાવર્સ, અમાનોરા પાર્ક ટાઉન, હડપસર, પુણે-૪૧૧ ૦૨૮. મો.: 097402 73546 / 099013 93811 |
| **શ્રીમતી ચંદ્રા વિરચંદ લોડાયા** (PS 6474) | નમાને ફર્નીચર ગોડાઉન પાસે, વરૂર રોડ, નાના સાહેબ ભરડે હાઈસ્કુલ પાછળ, સેવગાંવ-૪૧૪ ૫૦૨. મો.: 096379 79976 |

## જીવનચક્ર

### જન્મ

| | | | | |
|---|---|---|---|---|
| ૩૧-૦૫-૧૯ | ગાંધીધામ | આરાધ્યા, પૂજા ચેતન સોમચંદ મૈશેરી | મોટી સિંધોડી | પુત્રી |

### સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૦૫-૦૬-૧૯ | દાદર | રૂષભ ઉપેન્દ્ર કાંતિલાલ ગોસર | બારોઈ | ૨૮ |
| | પુણે | અદિતી નિર્મલ હેમરાજ મૈશેરી | જખૌ | ૨૭ |
| ૧૩-૦૬-૧૯ | બુરહાનપુર | નીરવ ભરત ખીમજી નાગડા | નલિયા | ૨૮ |
| | ભુજોડી | ઈલા બિપીન નારાયણજી દંડ | લાલા | ૨૮ |

### આંતરજ્ઞાતિય સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૦૯-૦૬-૧૯ | અમદાવાદ | દેવલ ચંદ્રકાંત ભવાનજી મૈશેરી (શાહ) | કુઆપધર | ૨૬ |
| | અમદાવાદ | બીંજલ પંકજભાઈ દલવાડી | અમદાવાદ | ૨૬ |

### લગ્ન

| | | | | |
|---|---|---|---|---|
| ૧૦-૦૨-૧૯ | કોચીન | હાર્દિક બીરેન શાહ (દંડ) | સુથરી | ૨૮ |
| | ગદગ | પ્રિયા ભરત કારાણી (દંડ) | સુથરી | ૨૭ |
| ૦૭-૦૫-૧૯ | હૈદરાબાદ | મનોજ શિવપ્રસાદ માણેકજી લોડાયા | વારાપધર | - |
| | હૈદરાબાદ | પ્રિયંકા દિલીપ વિશનજી મોમાયા | વારાપધર | - |
| ૧૮-૦૫-૧૯ | મુલુંડ | હાર્દિક નરેશ ભવાનજી દંડ | લાલા | ૨૭ |
| | જાલના | ગીરા જયેશ કાનજી મૈશેરી | જખૌ | ૨૫ |

### આંતરજ્ઞાતિય લગ્ન

| | | | | |
|---|---|---|---|---|
| ૨૬-૦૫-૧૯ | નાસિક | પ્રેમ ખુશાલચંદ રતીલાલ લોડાયા | બાંઢિયા | - |
| | નાસિક | પ્રાચી દિલીપ બાબુભાઈ જોષી | - | - |

### લગ્ન છુટા

| | | | | |
|---|---|---|---|---|
| ૨૮-૦૯-૧૮ | ઘાટકોપર | વિશાલ મણિકાન્ત પદમશી લોડાયા | તેરા | ૪૪ |
| | ઘાટકોપર | નિમિષા પ્રફુલ લક્ષ્મીચંદ સોની | વાંકું | ૪૦ |

### મરણ

| | | | | |
|---|---|---|---|---|
| ૦૫-૦૫-૧૯ | માટુંગા | મધુકર પ્રેમચંદ પદમશી છેડા | તેરા | ૬૨ |
| ૧૨-૦૫-૧૯ | પોંડીચેરી | કુસુમબેન વિશનજી જેતશી નાગડા | નલિયા | ૯૦ |
| ૦૬-૦૬-૧૯ | વાપી | મુલજી રતનશી ભારમલ મહેશ્વરી | જખૌ | ૮૩ |
| ૦૬-૦૬-૧૯ | કોચીન | ભારતીબેન રાયચંદ મૈશેરી | વાંકું | ૭૧ |
| ૦૬-૦૬-૧૯ | ડોમ્બીવલી | હીના રતીલાલ દામજી ધ્રોળ | સાંયરા (કોટડી) | ૫૬ |
| ૦૭-૦૬-૧૯ | ઘાટકોપર | હિમતલાલ વિશનજી ખોના | મોટી ખાવડી | ૯૦ |
| ૦૮-૦૬-૧૯ | અમદાવાદ | અતુલ કાંતીલાલ છેડા | તેરા | ૫૮ |
| ૧૦-૦૬-૧૯ | ઘાટકોપર | ચંદ્રિકા નરેન્દ્ર કુંવરજી ધરમશી | રંગપુર | ૬૪ |
| ૧૧-૦૬-૧૯ | પરજાઉ | અજય દામજી મૈશેરી | મોટી સિંધોડી | ૫૨ |
| ૧૨-૦૬-૧૯ | મુલુંડ | લક્ષ્મીચંદ નરશી લાપસીયા | દલતુંગી | ૭૬ |
| ૧૨-૦૬-૧૯ | નાંદેડ | લખમશી નરશી પોલડીયા | બાયઠ | ૭૮ |
| ૧૨-૦૬-૧૯ | નલિયા | વીના (જયશ્રી) મણીલાલ ભવાનજી છેડા | નલિયા | ૫૯ |
| ૧૫-૦૬-૧૯ | ઘાટકોપર | મણીબાઈ પદમશી ખોના | તેરા | ૮૮ |
| ૧૮-૦૬-૧૯ | યુએસએ | ગીતાબેન સતીશ શામજી ધરમશી | સુથરી | ૬૧ |

## જ્ઞાતિના આગામી આયોજન

- **મુલુંડ :** ૩૦/૬/૧૯ અંબે માં ધરમશી પરિવાર સાધારણ સભા અને ચૂંટણી અને સુથરી ખાતે અંબેમાની વર્ષગાંઠ ઉજવણી તા. ૯ થી ૧૨ નવેમ્બર ૨૦૧૯.
- **મોટી સિંધોડી :** ૨૪-૨૫/૬/૧૯ નેમીનાથ જિનાલય ભૂમિપૂજન-શિલાન્યાસ.
- **કોઠારા :** ૯ થી ૧૧/૧૧/૧૯ મૈશેરી પરિવારોના ચામુંડા માતાની પહેડી તથા ધ્વજા.
- **નલિયા :** ૧૨/૭/૧૯ ચાતુર્માસ પ્રવેશ, ૨૭/૮/૧૯ પર્યુષણ આરાધના
- **જસાપર :** ૨૭/૮/૧૯ પર્યુષણ આરાધના ● **ઘાટકોપર :** ૨૯/૬/૧૯ હોમિયોપેથિક મેડીકલ કેમ્પ

### ધર્મ સંદેશ - ૧૪૦ નો ઉકેલ

**આડી ચાવીઓ** - (૧) ધનવશીટુંક (૫) પુંજણી (૬) નવ (૮) લક્ષ (૯) શરીર (૧૦) ખોખા (૧૨) તપ (૧૩) અભિનંદન સ્વામી (૧૬) દાન (૧૭) મિથિલા (૧૯) અજાહરા (૨૦) લાલા (૨૧) તપ (૨૪) રિષભ (૨૬) આરસ (૨૮) ચંપા (૨૯) ઉગ્ર (૩૦) મહાસતીજી (૩૧) વસ્ત્રો

**ઊભી ચાવીઓ** - (૧) ધન (૨) નવલખા (૩) શીતલ (૪) કર્મ (૫) પુંડરીક સ્વામિ (૭) અષ્ટાપદ (૧૦) ખોટું (૧૧) ચંદન (૧૪) નંદારાણી (૧૫) મિથિલા (૧૮) લાલા (૧૯) અપરિગ્રહ (૨૨) આરતી (૨૩) ચંપાપુરી (૨૫) ભમતી (૨૬) આસન (૨૭) સજીવ

### કચ્છી કસબ - ૧૪૦ નો ઉકેલ

**આડી ચાવીઓ** - (૧) હથોહથ (૩) વરી પાછો (૫) ખાસડા (૬) હોંસાતુંસી (૮) છંઢા (૯) ટીખણ (૧૧) ઓઠ (૧૩) બોરો (૧૫) ખાર (૧૬) વંધ (૧૭) ઢગો (૧૮) તોરીલો (૨૦) લાવો (૨૨) જેજો (૨૨અ) ચોરી (૨૩) સેરાય (૨૪) ગેરીયો (૨૫) સોતેલો (૨૬) મોતણી (૨૭) શોધમાઠો (૨૮) ચર્યા

**ઊભી ચાવીઓ** - (૧) હથરોટી (૨) હણહોંણ (૩) વડા (૪) છોગો (૫) ખાસી (૭) તુંકારો (૮) છંઢછૂંઢ (૧૦) ખનેર (૧૨) ઢેળા (૧૩) બોઆરી (૧૪) અધલાણ (૧૫) ખાસા (૧૮) તોજો (૧૯) લોલરા (૨૧) ધરીયો (૨૨) જેકીંતેકીં (૨૨અ) ચોરી (૨૪) ગેણી (૨૬) મોઠો

જય જય શ્રી આદિનાથ
કર્મ ખપાવે શ્રી આદિનાથ
મોક્ષ અપાવે શ્રી આદિનાથ




# અનુમોદના...

**અ.સૌ. તારાબેન મહેન્દ્રભાઈ પીર** નો કુળદિપક
**અ.સૌ. જયશ્રી જયેશ પીર** નો લાડકવાયો
**અ.સૌ. ધ્વનિ પ્રિયેશ પીર** નો રાજદુલારો
**ચિ. કલ્પરાજ, ગૌતમી, પાહિની**
નો વ્હાલો ભાઈ

## ચિ. દુવાંશ જયેશ પીર

કચ્છ : સુથરી મહાતીર્થ • હાલ : ડોમ્બીવલી

ત્રિભુવન શિરતાજ શ્રી શત્રુંજય મહાતીર્થની ગોદમાં યુગાદિદેવ **શ્રી આદિનાથ દાદા**ની અસીમ કૃપાથી તપચક્રવર્તી **પ.પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.**ના શુભાશિષ અધ્યાત્મયોગી **પ.પૂ. મુનિશ્રી ઉદયરત્નસાગરજી મ.સા.** આદિ ગુરૂભગવંતોની પાવનકારી નિશ્રામાં અમારા લાડલા ચિ. દુવાંશ પીર (ઉ.વ. ૧૨) એ શ્રી ગુણ ગુણોદય સિધ્ધાચલ ૯૯ યાત્રામાં જોડાઈને ભર ઉનાળે ગરમીને માત આપીને **૯૯ + ૯ = ૧૦૮** છઠ્ઠ કરી સાત યાત્રા કરી નિર્વિઘ્નપણે શાતાપુર્વક પરિપુર્ણ કરીને કુટુંબ, ગામ, સમાજને ગૌરવાન્વિત બનાવેલ છે. આવાજ ઉમંગ ઉત્સાહથી ઉતરોત્તર ધર્મ આરાધનામાં વૃદ્ધિ સહ જીવનમાં દરેક ક્ષેત્રે પ્રગતીમય બની નામના મેળવો એજ શુભ આશિષ....

**સર્વે બાલ યુવા - ૯૯ યાત્રિકોની ખુબ ખુબ અનુમોદના...**

### લિ. ગૌરવાન્વિત પરિવારજનો

**દાદાણા : માતૃશ્રી ભમલબેન પદમશી પુંજાભાઈ પીર પરિવાર**
**નાનાણા : માતૃશ્રી મણીબાઈ ત્રીકમજી ખીમજી દંડ પરિવાર (શેવગાવ)**

: પ્રતિષ્ઠાન :
વિજહેતા ટ્રેડીંગ કું. • વિજહેતા સ્ટીલ ટ્યુબ • સુમતિ એન્ટરપ્રાઈઝ

CDO Prakash Samiksha R.N.I.No. MAHGUJ/1998/04640 Date of Publication every month 5th & 20th
Postal Regd. No. MCS/217/2018-2020 WPP Licence No. MR/Tech/WPP-352/South/2019
Posting : 8/9 & 23/24 of Every Month Posted at Mumbai Partika Channel Sorting Office, Mumbai - 400 001

# ભાવપૂર્ણ શ્રધ્ધાંજલિ



## લહેરચંદ શિવજી નાગડા

ગામ - નલીયા, હાલે - ઘાટકોપર • ઉ.વ.૮૨ • અરિહંત શરણ : તા. ૨૬-૦૫-૨૦૧૯

પ્રેમાળ હતી મૂરત આપની, નેહ ભરેલ હતાં નયન, ધર્મ તણી શ્રધ્ધા બળવાન,
સર્વ જીવો પ્રત્યે કરૂણાવાન, સંબંધોની એવી સાચવી ગરિમા, આત્મિય ગુણો તણા ધનવાન,
હવે નથી રહ્યો આપનો સાથ, અમારી સ્મૃતિમાંથી નહી વિસરાય આપની યાદ,
બાગબાનના પુષ્પોને વાત્સલ્યતાથી ભીંજવનારા... વાત્સલ્યમૂર્તિ વડીલશ્રીના આત્મા પ્રતિ આદર-વંદન.

હૃદયમાં ભરી પુષ્પ પાંખડી, મુખે રાખી અમૃત સમાન વાણી,
આ ચોર્યાશીના ફેરા ટાળી, પામો તમે શાશ્વત સુખની સરવાણી.
આપનો દિવ્ય આત્મા પામે પરમ પદ એ જ પ્રભુ પાસે પ્રાર્થના

લિ. **શ્રી નલિયામાં અંબેમાને નમતા નાગડા ગોત્રના ભાવિકો....**

# દ્વિતિય પુણ્યતિથિ નિમિત્તે શ્રધ્ધાંજલિ



## સ્વ. ચંદ્રસેન હિરાચંદ મોમાયા

જન્મ : તા. ૧૪-૬-૧૯૫૫ • અરિહંત શરણ : તા. ૧૭-૬-૨૦૧૭

જ્ઞાતિ ઈતિહાસના ઊંડા અભ્યાસી,
ચાર દાયકાથી ગુજરાતી પત્રકારિત્વમાં સમર્પિતપણે વ્યસ્ત,
પ્રકાશ સમીક્ષાના સહતંત્રી, સંનિષ્ઠ સામાજીક કાર્યકર,
સરળ સ્વભાવી, નેક દિલ ઈન્સાનની ખોટ સદાયે સાલશે.

**પ્રકાશ સમીક્ષા સમિતી**

If undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA**
**C/o. Madhu Entertainment & Media Ltd.,**
A/704, Remi Bizcourt, Plot No. 9, Shah Indl. Estate,
Off Veera Desai Road, Andheri (W), Mumbai-400 053.

To,

Printed, Published & Edited by : **RAICHAND R. NAGDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA SAMITI** and Printed at **THE NEW MILLENNIUM PRINTERS,** 314, Mathuradas Mill Compound, N.M. Joshi Marg, Lower Parel, Mumbai - 400 013. and Published from 13A, 29/41, Tamarind Lane, Rajabahadur Compound, Fort, Mumbai - 400 001.